
'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૪ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❊ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

નમો અરિહંતાણં ૧

નમો સિદ્ધાણં ૨

નમો આયરિયાણં ૩

નમો ઉવજ્ઝાયાણં ૪

નમો લોએ સવ્વ સાહૂણં ૫

એસો પંચ નમુક્કારો ૬

સવ્વ પાવપ્પણાસણો ૭

મંગલાણં ચ સવ્વેસિં

પઢમં હવઈ મંગલં । ૮

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૪ ॥

**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

## PARAM BHADRANKAR SHRI NAVKAR

Personal Diaries comprising of Divine thoughts regarding Shri Navkar Mahamantra and experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## VOLUME - 4

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 500 Copies / 124 Pages • For Private Circulation only.

---

## PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

## SPONSOR

---

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOKS AVAILABLE AT

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




પરમોપકારી, 'નમો'થી ભાવિત આત્મા પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીએ નમસ્કાર મહામંત્રના પ્રથમ બે અક્ષર 'નમો'નું અઢળક ચિંતન કરીને એની મહાનતા પ્રદર્શિત કરી છે, તે જાણવા જેવી છે: 'નમો' એ મોક્ષનું બીજ છે, કેમકે 'નમો' પદ વડે મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગસાધક મહાપુરૂષોને પ્રણામ થાય છે. 'નમો' એ વિનયનું બીજ છે, કેમકે 'નમો' પદ વડે મતિ-શ્રુત-અવધિ-મન:પર્યવ અને કેવળજ્ઞાન પર્યંતના જ્ઞાનને ધારણ કરનાર મહર્ષિઓને પ્રણામ થાય છે. 'નમો' એ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને શુદ્ધિનું બીજ છે, કેમકે 'નમો' પદ વડે જેમના કષાયો તથા રાગાદિ દોષો ક્ષીણ થઈ શાંત થયા છે, વિષયોની વાસના રહી નથી અને જ્ઞાનાદિ ગુણો પુષ્ટ થયાં છે, જેઓએ અહિંસા, સંયમ, તપ વડે દ્રવ્ય-ભાવકર્મો નિર્મૂળ કર્યા છે, તેમનું બહુમાન થાય છે, તેમની સાથે  આંતરિક પ્રીતિસહ ભાવસંબંધ જોડાય છે.

તુષ્ટિ, પુષ્ટિ, શુદ્ધિ અને શાંતિ જેમાં છે, તે 'નમો' ભાવ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રાણસ્વરૂપ છે. નવકારના પ્રાણ એવા 'નમો' ભાવને સફળ કરવા માટે પુરૂષાર્થ કરવાનો અવસર આવી ગયો છે. આ સંક્ષિપ્ત બનતાં વૉલ્યુમ પૂજ્યપાદશ્રીના હસ્તાક્ષરે પ્રાપ્ત થાય છે ગુરૂભક્ત સુશ્રાવકરત્ન **સી. કે. મહેતા** તથા અમારા સુશ્રાવક **દિપકભાઈ**ના ધર્મપત્ની સુશ્રાવિકા **ભારતીબેન**ના ભાવપૂર્વકના પરિશ્રમના કારણે. તો સૌ નમસ્કારના ચિંતન દ્વારા નમસ્કાર ભાવો પામવા સદ્ભાગી બનીએ.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભવિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





## નમસ્કાર દ્વારા થતી નિર્વિકલ્પ સમાધિના બે માર્ગ:

(૧) સ્થિર આસને બેસવું.

(૨) ગરદન અને તેટલા ઊંચા અને સીધા રાખવા.

(3) આંખો બંધ કરી નાસાગ્ર તરફ જોવું.

(૪) બંને નસકોરાં મસ્તક માંટેના લેવલમાં જઈને
એક ઠેકાણે મળે છે, તે સ્થાનને બરાબર જોવું.

(૫) તે સ્થાને બરાબર જોવાથી
દ્રષ્ટા, દ્રશ્ય અને દર્શનની ત્રિપુટિ વિલય થઈ જાય, ત્યારે
ત્યાં આત્મા નિર્વિકલ્પ બ્રહ્મ-સ્વરૂપ થઈ રહે છે.

## બીજો માર્ગ

(૧) બંને આંખ આગળ નાસિકાની પાસે જે ખૂણા છે,
ત્યાં એક ખૂણાથી બીજા ખૂણા સુધી
દોરને બાંધી એક સીધી લાટી દોરવી.

(૨) પછી તે લાટીના બે અગ્રભાગોમાંથી
બે લવાંની વચ્ચે સીધી બે લાટીઓ એક ઠેકાણે મળે,
તેમ દોરવા એટલે એક △ ત્રિકોણ થશે.

(૩) ભવાંની વચ્ચે જે ઠેકાણે લીટીઓ સાથે મળે છે,
તે ભ્રૂમધ્ય સ્થાન છે, ત્યાં આંતરદૃષ્ટિ રાખવી,
ત્યાં આવેલા બિંદુ રૂપને જોવું.
(૪) બિંદુ ઉપર જ લક્ષ ચોંટે છે, ત્યારે
જ્ઞાન - ઇંદ્રિયો અને તેના વિષયો તથા
કર્મેન્દ્રિયો અને તેની ક્રિયાઓ થંભી જાય છે.
(૫) બિંદુની આસપાસ જે પ્રકાશ દેખાય,
તેની ઉપર લક્ષને સ્થિર કરવાથી
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ થાય છે.

**શ્રી નવકારમંત્રનું માહાત્મ્ય ક્યા ગ્રન્થોમાં વર્ણવ્યું છે?**

આવશ્યક સૂત્ર નિર્યુક્તિ, શ્રી ચંદ્રપન્નત્તી,
શ્રી નવકાર ફલ સ્તોત્ર - ચંદ્રસૂરિ,
શ્રી આચાર દિનકર, શ્રી મહાનિશીથ સૂત્ર,
શ્રી ઉપદેશ તરંગિણી - રત્નમંદિર, શ્રી સુકૃતસાગર,
શ્રી યોગશાસ્ત્ર, શ્રી ઋષિમંડલ
આદિ અનેક ગ્રન્થોમાં નવકારનું માહાત્મ્ય વર્ણવ્યું છે.

પ્રભુનું નામ લેવાથી પ્રભુ માને છે કે:

નામોચ્ચાર કરનાર મારી સાથે એક થવા માગે છે,

તેથી ભગવાન તેવા ભક્તને મુક્તિ આપે છે.

આપણે જેનું નામ લઈએ છીએ,

તેના જેવા થવા ઈચ્છીએ છીએ અને

તેવાનું જ નામ લેવા માટે પ્રયત્નશીલ રહીએ છીએ.

જ્યાં ઈશ્વરનામ છે, ત્યાં સાક્ષાત ઈશ્વર છે.

જે દ્વાદશાંગના સ્થાને ગણાય છે,

જે પરિણામની વિશુદ્ધિનું કારણ છે તથા

જેનાથી રત્નત્રયી અને તત્ત્વત્રયીનું આરાધન થાય છે,

તે નવકાર મહામંત્રની સાધના છે.

સત્ય બુદ્ધિમાંથી જે માર્ગે હૃદયમાં જાય છે, તે આખો

રસ્તો માત્ર જાપ દ્વારા ખૂલે અને જાપ જો કરવો

જ હોય, તો મંત્રાધિરાજનો જ શા માટે ન કરવો?

મહામંત્રાધિરાજના જાપથી સમજાય છે કે:

વિપત્તિઓને હસતાં હસતાં સહન કરીએ, તે યોગ છે.

## નવકારનો જાપ શું શું કરે છે?

તે સુખ - દુઃખના અનુભવનું તારણ
જે માત્ર બુદ્ધિ સુધી હતું, તેને હૃદયપર્યંત પહોંચાડે છે,
'દુઃખ દુઃખરૂપ છે' એ સંસ્કાર જ બાળી નાખે છે,
'દુઃખ પણ સુખરૂપ છે' એવી બુદ્ધિ પેદા કરે છે.
દુઃખનું સુખમાં રૂપાંતર કરનાર
ચિંતનનું કારખાનું આ નમસ્કાર મહામંત્ર છે.
તેના જાપ દ્વારા સુખ - દુઃખની મૂળભૂત કલ્પના,
જે આપણી વર્તમાન પરિસ્થિતિનું કારણ છે,
ત્યાં શુદ્ધિકરણનો પ્રયોગ શરૂ થાય છે,
તે સુખદુઃખની કલ્પનામાં જ મૂળભૂત પરિવર્તન થાય છે.
દુઃખ જે પદાર્થનું બનેલું છે, તે જ
પદાર્થનું સુખ બન્યું છે, તે પદાર્થ છે કાર્મિક અણુ.
એના જ બે - અગ્ર અને પૃષ્ઠભાગ છે: સુખ - દુઃખ.
જ્યાં અગ્રભાગ જાય, ત્યાં પૃષ્ઠભાગ હાજર હોય જ,
એવી સમજણ નવકારના જાપ આપે છે.

# અંતરમાં અનહદના વાજાં

જાપ માટે નવકારનું પ્રથમ પદ અને
અર્થભાવના માટે તત્ત્વાર્થનું પ્રથમ સૂત્ર ઉપકારક છે.
જાપ વડે પહેલાં અંતરમાં અનહદના વાજાં વાગે
અને પછી અર્થભાવના વડે વિજળીનો પ્રકાશ થાય છે.
'અનહદ' એટલે અનાહત નાદ અને
'વીજળી' એટલે રત્નત્રય સ્વરૂપ આત્મજ્યોતિ.

Imp કહ્યું છે કે : પહેલે અનહદ બાજે બાજાં,
(ફેર) પિછે બિજલી કરે પરકાશા. ...(૧)
શૂન્ય મંડલ મેં ઘર ગયા, બાજે શબ્દ રસાલ,
રોમ રોમ દીપક જલે, પ્રકટે આપ દયાલ. ...(૨)

નમસ્કાર મહામંત્રની આરાધના દ્વારા
પરહિતચિંતાના ભાવની કેળવણી મળે છે.
'નમો અરિહંતાણં ।' પદમાં
'અરિ' એટલે શત્રુ એટલે સંકલ્પ-વિકલ્પ,
તેને હણનારાઓને નમસ્કાર થાઓ.

શરણાગતિનું મહાન વ્યાપક તત્ત્વ તે નિત્ય શુદ્ધ સ્વરૂપ છે.
આ નવકારમંત્ર દ્વારા ઇષ્ટનું નામ નિરંતર લેવાથી
જીવન અને અંદર સુખનો અનુભવ થશે.
આ લૌકિક અને પરલૌકિક - ઉભય સુધરશે.
નામસ્મરણરૂપી સાધનનો મહિમા અપાર છે.
ઘણા લોકો પ્રભુ નામને જપે છે અને
તેનાથી પરમ આનંદનો અનુભવ કરે છે.
નામના પ્રભાવથી અને નામની કૃપાથી
અગોચર તત્ત્વ અનાયાસથી જ સમજાઈ જાય છે.
નામની કૃપાથી જેનું સ્મરણ કરનાર જન કૃતાર્થ થાય છે.
નામ જપનારના હૃદયમાં સઘળી દૈવસંપત્તિ સાથેથી આવે,
તેને દૂર કરવા જતાં પણ તે દૂર થતી નથી.
શ્રદ્ધા અને વિશ્વાસથી
નામસ્મરણ કરનારને સાયુજ્ય - મુક્તિ મળે છે.
હૃદયમાં ઇષ્ટદેવ અને નામસ્મરણ પ્રત્યે અત્યંત પ્રીતિ
રહે એવા શરણાગતને જ આ સદ્ભાગ્યની પ્રાપ્તિ થાય.

'નમો' પદ એટલે ભાવનમસ્કાર.

ભાવનમસ્કાર એટલે નમસ્કાર્ય પ્રત્યે
વિનય, ભક્તિ, આદર અથવા મનનું શુદ્ધ પ્રણિધાન.
'ભાવનમસ્કાર' એટલે સાંસારિક વિષયોમાં દોડતાં
એવા મનને રોકવું અને પરમાત્મા તરફ વાળવું.

'નમો' પદ વિનયસૂચક છે.

'નમો' પદનું ફળ ગુરુસેવા અને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ,
આશ્રવનિરોધ, સંવરભાવ, કર્મનિર્જરા, ક્રિયાનિરોધ,
ભવપરંપરાનો નાશ અને અંતિમ ફળ મોક્ષ છે.
આ દૃષ્ટિ મોક્ષનું મૂળ છે.
મૈત્રી વધારવી એ મારું કામ છે.
મંત્રાધિરાજના પ્રથમ ૫ પદ સંભેદપ્રણિધાનના સૂચક છે,
ચૂલિકાના ૪ પદ અભેદપ્રણિધાન જણાવે છે.
એસો - એતદ્ એ સર્વનામ જાણીને
સમીપતરવર્તી પદાર્થનો સૂચક છે.
નિકટતરવર્તી પંચ નમસ્કાર સર્વ પાપપ્રણાશક છે.

## 'નમો' પદ શું કરે છે?

'નમો' પદ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ આપનાર તથા મન, શરીર તથા આત્માની શુદ્ધિ કરનાર છે. બુદ્ધિની પુષ્ટિ, મનની શાંતિ, અંતઃકરણની તુષ્ટિ, દેહની શુદ્ધિ - એ બધા નવકારના અવાંતર ફળો છે. 'નમો' પદનું રટન ચલાવવાથી આત્મપ્રકાશ કરનારી મહાવિદ્યુત શક્તિનો આંતરપ્રવાહ વહેવા લાગે છે. 'નમો'થી ધર્મપ્રશંસા તથા ધર્મબહુમાનથી ફળ પ્રગટે છે. ફળ મોક્ષ છે અને પત્ર, પુષ્પ એ સુર - નરનાં સુખ છે.

નવકારની અંદર પહેલાં પાંચ પદોમાં દેવ - ગુરુનું અને ચૂલિકામાં ધર્મનું સ્વરૂપ છે. ધર્મ, તેનું પ્રયોજન અને ફળ - એનું વર્ણન ચૂલિકામાં છે. પહેલાં બે પદમાં દેવનું, બાકી ત્રણ પદમાં ગુરુનું અને છેલ્લા ચાર પદમાં ધર્મનું સ્વરૂપ છે. અરિહંત - સિદ્ધ એ દેવતત્ત્વ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ગુરુતત્ત્વ અને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ ધર્મતત્ત્વ છે.

## પંચ પરમેષ્ઠિ અને નવતત્ત્વના બોધક

(૧) અરિહંતનું ધ્યાન પ્રકૃષ્ટ પુણ્યરૂપ છે.
તેમાં પુણ્ય - પાપ એ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (વલણ) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.

(૨) સિદ્ધ પરમાત્મા કર્મમલરહિત વિમુક્ત શુદ્ધ જીવ છે.
તેનું ધ્યાન જીવ - અજીવ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (વલણ) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.

(૩) આચાર્ય ભગવંતો સંવરતત્ત્વરૂપ છે. તેનું ધ્યાન
આસ્રવ - સંવર એ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (વલણ) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.

(૪) ઉપાધ્યાય ભગવંતો નિર્જરાતત્ત્વરૂપ છે. તેનું ધ્યાન
વ્યવદાન - નિર્જરા એ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (વલણ) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.

(૫) સાધુ ભગવંતો મોક્ષતત્ત્વરૂપ છે. તેઓનું ધ્યાન
બંધ - મોક્ષ એ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (વલણ) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.

નવકારથી ગુણાનુરાગ કેળવાય છે,

જે આત્મપ્રકાશ માટે વિદ્યુત, પાપરૂપી ઈન્ધણો માટે વહ્નિ,
કર્મમલ માટે જળ અને બંધનયંત્ર માટે વરાળ છે.
સાગરમાંથી અમૃત, દધિમાંથી નવનીત, રોહણગિરિમાંથી
રત્નની જેમ શાસ્ત્રોમાંથી નવકાર ઉદ્ધૃત થયેલો છે.
આટં નવકારને સોંપો તો બદલામાં આટં તમને આપે.

જે પ્રકાશ કોડો સૂર્ય અને ચંદ્રથી નથી મળતો,
તે નવકારથી મળે છે, તે પ્રકાશ એટલે આત્મપ્રકાશ.

બધા નક્ષત્રોનો સ્વામી જેમ ચંદ્ર છે, તેમ
બધા પુન્યાનુબંધી પુન્યોનો સ્વામી નવકાર છે.
પરલોકમાં જતાં આપણે આ લોકમાંથી લઈ જવા યોગ્ય
એકમાત્ર નવકારરૂપી પથ્યદન - ભાથું છે. નવકારની
૮ સંપદા જેનું સ્મરણ કરનારને અનંત સંપદા આપે છે.
નમસ્કાર વડે પંચપરમેષ્ઠિને અનુકૂળ બનનારને સમગ્ર
વિશ્વમંડલ અનુકૂળ બને છે. અરિહંત પ્રત્યે બહુમાનમાં
તેમના શ્રુત અને ચારિત્રનું બહુમાન રહેલું છે.

# નવકાર એ આખરે શું છે ?

નવકાર એ સંસારસાગર તરવાનો સેતુ છે.
નવકાર એ મોક્ષના દ્વારને ખોલવાની ચાવી છે.
નવકાર એ મોહવિષ ઉતારવા માટેનો મંત્ર છે.
નવકાર એ ધર્મની શિક્ષા મેળવવાનું શાસન છે.

નવકાર એ સંસારમાં જીવને નવી દૃષ્ટિ આપી, જે વડે તે પોતાની અંદર ભરેલી આંતરિક ઋદ્ધિને જોઈ શકે છે, નવકાર એ સકલ શાસ્ત્રોના રહસ્યો ખોલવાની કૂંચી છે. નવકાર એ ભવસમુદ્રને સુખે તરી જવા માટેની નાવ છે. તે દુઃખ, પાપ, કર્મ સર્વે ભવના ભયને ભગાડી દે છે. મોક્ષપ્રાપ્તિ માટે અત્યંત જરૂરી એવા પુણ્યાનુબંધી પુણ્યને નવકાર જન્માવે છે, માટે તે પુણ્યની જનની, પાલની અને શોધની કરી છે. નવકાર એ તો પરમ દાતાર છે. જીવને જેની જરૂર હોય, તે સર્વ વસ્તુને પૂરી પાડે છે. નવકાર એ વિષયતૃષ્ણાને શમાવે, ક્રોધદાહને મટાડે છે, પાપના પંકને ધુએ છે, સર્વ શૂળને ખેંચે છે.

એષ પંચ નમસ્કારઃ સર્વ પાપપ્રણાશનઃ ।
મંગલાનાં ચ સર્વેષાં પ્રથમં ભવતિ મંગલં ॥૧॥

આ નવકાર મંત્ર અડસઠ અક્ષર, આઠ સંપદા
અને નવ પદોથી બનેલો છે.

પ્રથમ ૫ પદ પરમેષ્ઠિઓને દ્રવ્ય - ભાવનમસ્કારરૂપ છે.
નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવથી
પાંચ પરમેષ્ઠિઓ અહીં જગતના જીવોને
સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં પવિત્ર કરી રહેલાં છે.
અરિહંતાદિ નામનિક્ષેપ વડે પરમેષ્ઠિઓની સામાન્ય
બોધ થાય છે, સ્થાપનાનિક્ષેપ વડે તેમનામાં રહેલા
વિશેષતાઓનો બોધ થાય છે, દ્રવ્યનિક્ષેપ વડે તેમની
સાધનાનું સ્વરૂપ સમજાય છે તથા ભાવનિક્ષેપ વડે તેમની
સિદ્ધિનું સ્વરૂપ સમજાય છે. ચારે નિક્ષેપ વડે થયેલો
પાંચે પરમેષ્ઠિઓનો આ બોધ વસ્તુવિષયક બોધ છે.
'સર્વ વસ્તુઓમાં શ્રેષ્ઠ વસ્તુ પાંચ પરમેષ્ઠિઓ છે'
એ સમજ પાંચ પદોથી સ્પષ્ટ થાય છે.

વ્યક્તિગત જાપ કરતાં સામૂહિક જાપનું ફળ સવિશેષ છે.
સમ્યગ્દૃષ્ટિને મન બાહ્યગ્રહણ કરતાં આભ્યંતરગ્રહણ
અને તેને પોષનાર નવકારનું મૂલ્ય અધિક છે.
ભાવનમસ્કાર સ્વરૂપાલંબનની વિચારણા વડે થાય છે.
નિશ્ચય નમસ્કાર જીવતત્ત્વના અનુમાન રૂપ છે, તેથી
તત્ત્વાનુસંધાન થાય છે, જેનાથી સ્વરૂપાનુસંધાન સધાય છે.
તે સમ્યગ્દૃષ્ટિને ઈષ્ટ છે, કેમકે
સમ્યગ્દૃષ્ટિ જીવ જિનવચનની સદ્દહણા ધરાવે છે.

શ્રી જિનવચન ફરમાવે છે કે:

जो जाणइ अरहंतं दव्वत्तगुणत्तपज्जवत्तेहिं |
सो जाणइ अप्पाणं मोहो खलु जाइ तस्स लयं ||१||

અર્થાત્: દ્રવ્ય - ગુણ - પર્યાયથી જે અરિહંતને જાણે છે,
તે નિજાત્માને જાણે છે, કેમકે નિશ્ચયથી બંને સમાન છે.
અરિહંતોનું ધ્યાન ચંદ્ર સમાન ઉજ્જ્વળ વર્ણે અને
સિદ્ધોનું ધ્યાન ઉગતા સૂર્ય સમાન રક્તવર્ણે કરવું જોઈએ.
સિદ્ધ = જેના નિશ્ચય લક્ષણોને ગુણસમૂહ પ્રાપ્ત થાય.

# લૌકિક તથા લોકોત્તર નમસ્કાર

જેને નમસ્કાર કરવામાં આવે છે, તેના તરફથી
વ્યવહારમાં પણ આશીર્વાદ - શુભાશિષની પ્રાપ્તિ થાય છે.
સૂર્ય નારાયણ અને કર્મસાક્ષી લેખાતી દૈવપૂજા આદિ
દાનાદિ ક્રિયા રાત્રિએ નિષિદ્ધ અને દિવસે વિહિત છે.

લૌકિક નમસ્કાર દિવસે પ્રતિબદ્ધ છે,
લોકોત્તર નમસ્કાર દિવસ - રાત્રિ સર્વ સમય વિહિત છે,
તેના પ્રભાવે રાત્રિ - દિવસ પરમ ભગવંતો તરફથી
શુભાશિષ પ્રાપ્ત થયાં કરે છે.

લૌકિક નમસ્કારમાં નારાયણ સૂર્ય સાક્ષી છે,
લોકોત્તર નમસ્કારમાં કેવળજ્ઞાનાદિ ભાવભાસ્કર
સાક્ષીરૂપ બને છે, તેથી પ્રતિપળ કર્તવ્ય છે.

સુસ્થિત મહારાજા તીર્થંકર નામકર્મનો અનુભવ કરીને
સિદ્ધિગતિને પામેલાં છે. તેઓની આજ્ઞા અપ્રતિહત -
સિદ્ધ, સર્વને લાગુ પડનારી છે. 'પઢમં' શબ્દ દ્રષ્ટિને,
'હવઇ' શબ્દ દ્રષ્ટિની સાથે મંગલનું આનન્ત્ય સૂચવે છે.

મોક્ષ એ પૂર્ણ મંગળ છે.

ભાવમંગળ એ મોક્ષમંગળમાં પૂર્ણતા પામે છે.

સર્વ મંગળમાં પ્રથમ મંગળ પરમેષ્ઠિ નમસ્કાર છે.

નમસ્કારથી નમનીયને અનમસ્કારરૂપી મોટામાં મોટું પાપ - મૂળભૂત પાપ એવું મહામિથ્યાત્વ નાશ પામે છે.

મંત્રના વિનિયોગથી ભૌતિકસ્વાસ્થ્યોપયોગી બળ, વીર્ય, વિદ્યા, બુદ્ધિ, શક્તિની પ્રાપ્તિ થાય છે.

આધ્યાત્મમાં બ્રહ્માત્માનુભૂતિ કરતાં રહીને સાક્ષિ સર્વાત્મદર્શી થઈને, રાગ-દ્વેષથી રહિત, પર બનીને, સ્વદેહનાશ સુધી પ્રારબ્ધકર્મનો ભોગ કરતાં રહીને અંતમાં પરબ્રહ્મ - પરમાત્મામાં વિલીન થઈ જઈએ.

મંત્રમાં જેટલાં અક્ષર અને શક્તિ હોય છે, તે પ્રમાણે અક્ષરાકાર તથા શક્તિસંપન્ન બને છે.

મન મંત્રાકારે પરિણમી શક્તિસંપન્ન આત્માના આધારે જે કોઈ કર્મ કરે છે, તેમાં સફળતા મેળવે છે, તેને 'ક્રિયાસિદ્ધિ' કહેવામાં આવે છે.

## દ્રવ્યનમસ્કાર તથા ભાવનમસ્કાર

દ્રવ્યનમસ્કારમાં ઉપયોગશૂન્યપણે થતી ક્રિયા સમજવી,
ભાવનમસ્કારમાં ઉપયોગયુક્તપણે થતી ક્રિયા ગ્રહવી.
અરિહંતના નામાદિ ચારે નિક્ષેપાને દ્રવ્ય તથા ભાવ-
ઉભયથી થતો નમસ્કાર તે ભાવનમસ્કાર છે.
આમ ભેદ વડે થતો નમસ્કાર તે વ્યવહારનમસ્કાર અને
અભેદ વડે થતો નમસ્કાર તે નિશ્ચયનમસ્કાર છે.
નામ અને સ્થાપના ભેદસ્વરૂપ છે,
દ્રવ્ય અને ભાવ અભેદસ્વરૂપ છે.
અરિહંતનું દ્રવ્ય એ નિશ્ચયથી સર્વ જીવોનું દ્રવ્ય છે
અને અરિહંતનો ભાવ એ નિશ્ચયથી સર્વ જીવોનો
સ્વભાવ છે. એક સ્થળે તે આવિર્ભાવ પામેલો છે.
સંસારસ્થ જીવોમાં તે સ્વભાવ કર્મથી આવરિત છે.
ભાવઅરિહંતનું નિશ્ચયનયથી સ્વરૂપ છે અને તે પ્રકટ
થવા માટે શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાય ધ્યાનના વિષય
તરીકે લેવો, તે નિશ્ચયનયથી અરિહંતનું સ્વરૂપ સમજવું.

## પંચપરમેષ્ઠિ એ જ આપણો પરિવાર

અરિહંતોનો ઉપકાર = માતા, સિદ્ધોનો આધાર = પિતા,
આચાર્યોનો આચાર = કાકા, ઉપાધ્યાયનો વિચાર = મામા,
સાધુઓનો સહકાર = બંધુ. શિવમસ્તુ સર્વ જગત: ।

નમસ્કાર મંત્રનું યથાર્થ ઉચ્ચારણ
ધ્વનામાત્રથી અનંતાનંત પાપનો નાશ અને
મંગળનું આગમન સર્જન ભાવે થાય છે.

એમ પૂર્વ મહાંમામાં વિદોક્ત મંત્રોના ઉચ્ચારણ માત્રથી
ધાર્યા પરિણામ આવતાં, તેમ આજે પણ નમસ્કાર કે
તેના જ વિસ્તાર રૂપ સમગ્ર શ્રુતનાં વર્ણો કે
સૂત્રોનો ઉચ્ચાર માત્ર વિધિપૂર્વક ઉપરાંત
યથાર્થપણે થાય, તો તેથી મંત્રોક્ત અર્થનું
સર્જન - વિસર્જન આદિ આપોઆપ થાય છે,
જેમાં સર્જન મંગળનું અને વિસર્જન પાપનું થાય છે.
સમયસાર, સિદ્ધાંતસાર, આગમસાર, ચૌદ પૂર્વ સહિત
દ્વાદશાંગસાર એવો નવકાર શુદ્ધ આત્મા છે.

# નવકારના નવ અર્થ

(1) 'નમ્' ધાતુનું પ્રાકૃતમાં 'નવ' રૂપ થાય છે.

નવકાર = નમસ્કાર.

(2) નવ + કાર = નવપદ.

(3) ન + વકાર. વબયોરૈક્યં,

જેમાં 'બ' અક્ષર નહિ, તે નબકાર.

(4) ન + વકાર = જેમાં વિકાર નહિ અથવા

નવકારનું સ્મરણ કરનાર વિકારથી મુક્ત બને છે.

(5) નવકાર = રલયોરૈક્યં, નવ + કાલ.

નવકાર જપનારને કાલ-મૃત્યુ દુઃખ કરતું નહિ અથવા કાલ સમયે જે આવશ્યક કર્તવ્ય છે અથવા જેના સ્મરણ માટે સર્વ કાલ યોગ્ય છે, જે સતત સ્મરણીય છે.

(6) નવ + કાર. જે નવીન બનાવે, જીર્ણને નવીન કરે.

નવકારને જપનાર પ્રતિક્ષણ નવો બને છે.

(7) નવ + ક + આ + ર =

જે સર્વે બાજુથી નવીન સુખ આપે છે.

સંસારસુખ નવાન નહિ,
આત્માનું સુખ એજ નવાન છે, તેને આપે છે.

(8) નવ + કાર = કારા એટલે જેલ - બંધન.
'વ' પાદપૂર્તિ માટે - નિષેધ છે, કારાગાર જેના વડે અર્થાત્ નવકારના જાપથી આત્મા બંધનમુક્ત બને છે.

(9) નવકાર = ણુ - નવતિ, સ્તુતિ.
कार = करोमि, करोति इति - स्तुतिं करोति ।
आर = अरिसमूह, ते कं = सुखम् ।

સુખના શત્રુસમુદાય ન - વ = નિષેધ છે, તેથી તે નવકાર = આત્મસુખના અરિસમૂહોને નિષેધ કરનાર.

'નવકાર શબ્દથી પણ શાશ્વત છે'

તેનો એક અર્થ એવો છે કે અનાહત નાદ નિત્ય છે. નવકારનો વાચ્ય શાશ્વત છે. 'નમો અરિહંતાણં' પદમાં નમસ્કાર કરનાર આત્મા અને નમસ્કાર્ય સત્તા છે. તે બંને ઉપાધિનો ત્યાગ કરતાં જે બાકી રહે છે, તેને નમસ્કાર અર્થાત્ તદ્રૂપ પરિણમન તે શરણાગમન છે.

વડગામ, સં. ૨૦૨૬, માગશર વદી ૮, બુધવાર, ૧-૧-૧૯૭૦

## 'નમો અરિહંતાણં' પદમાં

અરિ = શત્રુ = રાગ - દ્વેષ, સંકલ્પ - વિકલ્પને
હણનારા, નાશ કરનાર, 'નમો + અરિ + હંતાણં ।'

## અભિધાન એટલે...

અભિમુખ રહીને અંતરાત્મામાં લીન થઈને રહેવું તે.

## શ્રી નમસ્કાર મહામંત્રનું માહાત્મ્ય

'અરિહંતોની કરુણા, સિદ્ધોનું વાત્સલ્ય,
આચાર્યોના આચારોની પવિત્રતા,
ઉપાધ્યાયોનો સ્વાધ્યાયરસ તથા સાધુઓની સંયમસાધના
અને એ પાંચેનું સતત સ્મરણ કરાવનાર નમસ્કારમંત્ર
અને તેની ઉપાસના જેને મળી છે, તેને
આ વિશ્વમાં મેળવવા લાયક બધી વસ્તુઓ મળી છે'
એમ વિચારવું, એ સમ્યગ્દ્રષ્ટિને મન
અતિશય આનંદ અને હર્ષ ઉપજાવનારું છે.
પંચ પરમેષ્ઠિમાં અરિહંત પોતે પાંચ પદમય છે.

શ્રી નમસ્કાર મંત્રના પ્રથમ પાંચ પદોમાં
નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે
પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.
ભાવનિક્ષેપના બે પ્રકાર છે: આગમ અને નોઆગમ.
આગમથી ભાવનિક્ષેપ પંચ પરમેષ્ઠિઓના જ્ઞાતા અને
ઉપયુક્ત હોય, તેને ગણવામાં આવે છે અને
નોઆગમથી ભાવનિક્ષેપ સમવસરણસ્થ જિન
આદિ પરમેષ્ઠિઓનું સ્વરૂપ છે.

ચૂલિકાના ચાર પદોનું માહાત્મ્ય અપેક્ષાએ
પ્રથમ પાંચ પદો કરતાં પણ વિશેષ મનાયું છે, કેમકે
શ્રી મહાનિશીથાદિ શાસ્ત્રોમાં ચૂલિકા સહિત
મૂળ મંત્રને 'મહાશ્રુતસ્કંધ' તરીકે સંબોધેલ છે.
જેઓ પાંચ પદના મૂળમંત્રનું મહત્ત્વ સ્વીકારે છે પણ
ચૂલિકાના ચાર પદોનું મહત્ત્વ નહિ સમજતાં,
તેઓ ચાર નિક્ષેપમાં ભાવનિક્ષેપનું જે મહત્ત્વ છે,
તે પૂરેપૂરું સમજી શક્યાં નહિ, એમ કહેવું જોઈએ.

'નમો અરિહંતાણં |' પદમાં
ઉભય સમાપત્તિ સંગ્રહિત થયેલી છે.
'અરિહંતાણં' માં શત્રુભાવને મિટાવી દેનારને
નમસ્કાર થાય છે, તેમાં ભેદ સમાપત્તિ મુખ્ય છે.
'અરુહંતાણં'માં જન્માદિને દહનારને
નમસ્કાર થાય છે, તેમાં આત્મસમાપત્તિ મુખ્ય છે.
'અરહંતાણં' પૂજ્યતાની પદવીને અભિવ્યક્ત કરે છે.
પૂજ્યતાની પ્રાપ્તિ પ્રમોદ તથા કૃતજ્ઞભાવને સૂચવે છે,
તેમાં ઉભય પ્રકારની સમાપત્તિ આવશ્યક છે.
'મંત્ર' એટલે ભગવદ્ભાવ ઉદ્બોધક ભાષા.
અભેદગ્રહ - અસંગ્રહ એ મહાતત્ત્વાર્થ છે.
જેમ ફૂલોનો સાર મધ, દૂધનું સત્ત્વ ઘી અને રસનો
સાર દૂધ છે, તેમ સર્વ શાસ્ત્રોનો સાર નમસ્કાર છે.
નમસ્કાર મંત્રથી મસ્તકમાં સદ્વિચાર અને હૃદયમાં
સદ્ભાવ પેદા થાય છે તથા સદ્ભાવનાની વૃદ્ધિ થવાથી
અનાયાસે સુખ - સૌભાગ્યની વૃદ્ધિ થાય છે.

## નમસ્કાર મહામંત્રથી થતું હિત

'મંગલ' એટલે હિતકર વસ્તુ.

આ જગતમાં આત્માનું હિત કરનારી જેટલી ચીજો છે, તે બધી ચીજોમાં નમસ્કાર મહામંત્ર શ્રેષ્ઠ છે. તે હિત બધી વસ્તુઓથી થતાં હિતથી ચઢીયાતું છે અર્થાત્ બાકી હિતકર વસ્તુઓથી થતું હિત પણ એનાથી થાય છે અને બાકી બધી હિતકર વસ્તુઓ એકત્ર મળીને જે હિત ન કરી શકે, તેવું આત્મજ્ઞાનરૂપી હિત પણ નમસ્કાર મંત્ર વડે સરળતા થઈ શકે છે.

તે નમસ્કાર દ્રવ્ય - ભાવ ઉભયરૂપ છે.

દ્રવ્યનમસ્કાર ભાવનમસ્કારનું કારણ છે,

ભાવનમસ્કાર ઉપયોગયુક્ત હોય છે.

સમ્યગ્દૃષ્ટિનો તે ઉપયોગ સર્વજીવવિષયક હોય છે.

નિશ્ચયથી સર્વ જીવોનો સ્વભાવ અરિહંત સદૃશ છે.

એક અરિહંતનો નમસ્કાર સર્વ અરિહંતોને પહોંચે, તેમ એક આત્માનો તિરસ્કાર સર્વ આત્માઓનો તિરસ્કાર બને.

<u>સિદ્ધપદની પ્રાપ્તિ તે પાંચગુણનો પૂર્ણ વિસ્તાર છે.</u>

એ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય-
એ પાંચ પ્રકારના આત્મગુણ અનુક્રમે
સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને સિદ્ધ-
એમ પંચ પરમેષ્ઠિઓના આરાધનથી સુસાધ્ય બને છે.

સાધુની સહાયવૃત્તિ એટલે સેવાવૃત્તિ.

સહાય એ ગુણની સૂચક છે.

ઉપાધ્યાયોનો વિનય, આચાર્યોનો આચાર, અરિહંતોનો
ઉપકાર અને સિદ્ધનું અનશ્વર અવિનાશીપણું - એ
સાધકોનો સ્વભાવ બને, ત્યારે સાધના ફળવતી બને છે.

સામાન્યથી પુણ્ય નમવાનો લાભ વખણાય છે, પરંતુ તે
નમનલાભનો વિષય જ્યારે પરમેષ્ઠિ ભગવંતો બને છે,
ત્યારે નમનલાભ અત્યંત પ્રશસ્ત બને છે.

રત્નત્રયની આરાધના એ સર્વસ્વ બનવાની પ્રક્રિયા
એટલા માટે છે કે જ્ઞાનથી રાગ જાય છે,
દર્શનથી દ્વેષ જાય છે અને ચારિત્રથી મોહ જાય છે.

પરમમંત્ર કે મહામંત્ર 'નમો અરિહંતાણં !'નો ભાવાર્થ:

નમો અરિહંતાણં એટલે અરિઓને ક્ષમતા વડે હણનારા.

નમો અરહંતાણં એટલે સર્વને ક્ષમતા વડે
શત્રુતાને હણવાનું શીખવાડનારા માટે સર્વપૂજ્ય.

નમો અરુહંતાણં એટલે ક્ષમતા વડે શત્રુતાનો નાશ કરી
તથા નાશ કરાવી ભવમાં નહિ ઉત્પન્ન થનારાઓને,
જન્મ - જરા - મૃત્યુને જીતી જનારાઓને નમસ્કાર.

આ મહામંત્રના જાપ માટે ૬૪ પ્રકારના વિધાન છે.

દ્રવ્યવિધાન તે ભિન્ન ભિન્ન કાર્યો માટે અને
ભાવવિધાન તે ૬૪ પ્રકારના કષાયોના વિજય માટે.

તેના જાપથી ૪૮ મહાવિદ્યાઓ સિદ્ધ થાય છે.

મંત્રજાપ હૃદયગત થઈ જવો જોઈએ.

પ્રભુના મનુસ્મરણ કાળે કરીને ભવને ઘણો જ ફાયદો કરે છે.

આત્મચિંતન કરતાં રહેવું અહર્નિશ
'હું દેહ નહિ પણ અજર - અમર આત્મા છું'
એમ નિરંતર વિચારતાં રહેવું. પ્રભુસ્મરણનું એ ફળ છે.

ભવનો નાશ તેને થાય કે જે અંતર્મુખ બનીને
વીતરાગ પરિણતિને પામે, વીતરાગભાવ રૂપે પરિણમે.
આવા ઉપદેશક પ્રભુ નમસ્કારને પાત્ર છે.
વિકલ્પથી નમસ્કાર તે સાધારણ નમ. નિર્વિકલ્પ
પરિણતિ રૂપ ભાવનમસ્કાર તે અસાધારણ નમસ્કાર છે.
ભાવથી ભવ ટળાય. ભાવનમસ્કારથી ભવનો અભાવ.
જે જ્ઞાનમાં અનંત સર્વજ્ઞ આવ્યા, તે જ્ઞાનની મહત્તા
અનંત છે. જે જ્ઞાનમાં અનંત વીતરાગ આવ્યા, તે
વીતરાગ પરિણતિ અનંત રાગનો નાશ કરનારી છે.
જે શ્રુતજ્ઞાને અનંત તીર્થંકરોને પોતામાં વસાવ્યાં, તે જ્ઞાન
નિઃશંક, નિર્વિકલ્પ, ચિન્મય અને વીતરાગ બની ગયું.
વાચક વડે વાચ્ય તરફ લક્ષ લઈ જવું અને વાચ્ય વડે
લક્ષ તરફ ધ્યાન દોરી જવું, તે નમસ્કારનું તાત્પર્ય છે.
વાચક એટલે વર્ણો વડે વાચ્ય એટલે શુદ્ધાત્મા વીતરાગ,
સર્વજ્ઞ, સર્વદર્શી પરમાત્મા પ્રત્યે તથા પરમાત્માના લક્ષ
વડે અંતરાત્મામાં પરમાત્માનું ભાવન થવું, તે લક્ષાર્થ છે.

ૐકારની ત્રિમાત્રા દેહ, બ્રહ્મ અને મનવાચક છે,
અર્ધમાત્રા તે ઉન્મની અથવા તુરીય અને
અમાત્રા તે અવ્યક્ત કે તુરીયાતીતાવસ્થા છે.
વહ્નિ, મન, બ્રહ્મ = સાધુ, ઉપાધ્યાય અને આચાર્ય.
તુરીય અરિહંત અને તુરીયાતીત સિદ્ધપદ કહી શકાય.
ૐકારમાં : અ, ઉ, મ, અર્ધમાત્રા અને અમાત્રા -
એમ કુલ પાંચ માત્રા છે.
હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, સૂક્ષ્મ અને અતિ સૂક્ષ્મ -
એમ પાંચ વિભાગ પણ પડી શકે, જે અનુક્રમે
સાધુ, પાઠક, સૂરિ, અરિહંત અને સિદ્ધવાચક ગણીને
ઓંકારનું ધ્યાન થઈ શકે. સાધુની સાથે દર્શનપદ,
ઉપાધ્યાયની સાથે જ્ઞાનપદ, આચાર્ય સાથે ચારિત્રપદ,
તથા અરિહંત અને સિદ્ધની સાથે તપપદ જોડાયેલું છે.
તપપદ શુક્લધ્યાન પર્યંત અને તેના પહેલાં બે પાયા
કૈવલ્યને તથા છેલ્લા બે પાયા નિર્વાણને આપનારા છે.
એ રીતે ૐકાર એ પંચ પરમેષ્ઠિ વાચક છે.

## 'પરમેષ્ઠિમંત્રરાજ ધ્યાનમાળા'માં

(૧) અરિહંત = આત્માનું અધિષ્ઠાન, આત્માના ધામ.

(૨) સિદ્ધ = અન્તરાત્માના ધામ.

(૩) આચાર્ય = અહમિન્દ્રરૂપે ગુરુના ધામ.

(૪) ઉપાધ્યાય = સાધનરૂપે ગુરુના ધામ.

(૫) સાધુ = આચારતંત્રમાં સાવધાની માટેના ગુરુના ધામ.

એ રીતે આત્મા, અંતરાત્મા, અહમિન્દ્રરૂપે એની ત્રયઅવસ્થા કહેલ છે.

તેમાં દીર્ઘ - ધ્યાનની વિશિષ્ટ પ્રક્રિયા સમાયેલી છે.

અરિહંતનું આલંબન લઈ આત્મા થવું.

સિદ્ધનું આલંબન લઈ નિષ્ક્રિય - સ્થિર થવું.

આચાર્યના આલંબને પોતે સર્વોપરિ, સર્વતંત્ર સ્વતંત્ર થવું.

ઉપાધ્યાયનું આલંબન લઈ પોતાને પરમાત્મરૂપે ભાવન કરવું. સાધુઓનું આલંબન લઈ પરમાત્મતત્ત્વનું, અભેદનું ભાવન કરવું.

પછી જ જે ઇષ્ટ હોય, તે ધ્યાન ધરવું.

| પરમેષ્ઠિ | અધિષ્ઠાન | અવસ્થા | ગુણ |
| --- | --- | --- | --- |
| અરિહંત | આનંદ | ચિન્મય | બોધરત્ન |
| સિદ્ધ | આત્મસ્થ | આનંદમય | વશાત્મસ્થ |
| આચાર્ય | આણમિન્દ્ર | ઈચ્છા | સ્તંભન (બળાદિ) |
| ઉપાધ્યાય | રુદ્ર (તત્પ) | જ્ઞાન | સૌરિકલાભ |
| સાધુ | સાવધાન | ક્રિયા | પાપોચ્ચાટનાદિ |

## નવકાર એટલે...

આત્માની ભૂલનું મિચ્છામિ દુક્કડં દઈને આપવું તે.

સુકૃતને દઈને વધાવી લેવું, તે નવકાર છે.

સંસારને અસાર માનવો અને

મોક્ષમાર્ગે રહેલાને સહાયક માનવા, તે નવકાર છે.

નવકારથી રતિ - અરતિરૂપી પાપ ટળે છે, તેથી

સમાધિનું સુખ મળે છે. રાગ-દ્વેષ મર્યાદા તોડનારા છે,

તે ન થાય, તે માટે સાગરવર ગંભીર બનવું.

નમસ્કારમય ક્રિયાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય,

તે વિના પાપાનુબંધી પુણ્ય બંધાય.

આધ્યાત્મિક માર્ગમાં મુખ્ય પ્રયોજન
આત્મજ્ઞાન અને આત્મધ્યાનનું છે.

વસ્તુવિશેષરૂપે પાંચ પરમેષ્ઠિને જાણ્યા અને ધ્યાયા પછી જો આત્માને તે સ્વરૂપે જાણવામાં ન આવે અને ધ્યાવવામાં ન આવે, તો તે દ્રવ્યક્રિયા થાય છે પણ ભાવક્રિયા થતી નથી. દ્રવ્ય એ ભાવ માટે છે અર્થાત્ પંચ પરમેષ્ઠિરૂપી દ્રવ્યો એ આત્મદ્રવ્યને ભાવવા માટે છે. આત્મદ્રવ્યનું પરમેષ્ઠિરૂપે ભાવન તે જ સાચી આગમથી ભાવનિક્ષેપ છે. ચૂલિકામાં તે ભાવનિક્ષેપને અલગ પાડી તેનું ધ્યાન 'નમઃ।' શબ્દથી કરવામાં આવે છે.

જ્યાં વસ્તુરૂપે પંચ પરમેષ્ઠિને નમસ્કાર કર્યા બાદ આત્મરૂપે પંચ પરમેષ્ઠિને 'એસો પંચનમુક્કારો।' પદથી નમસ્કાર કરે છે અર્થાત્ પોતાના આત્માને પંચપરમેષ્ઠિરૂપે ભાવન કરે છે, તે ભાવનમસ્કાર છે અને તે જ તાત્ત્વિક નમસ્કાર છે, જે સર્વ પાપોનો સમૂલ નાશ કરે છે અને મંગળોમાં પ્રથમ મંગળ બને છે.

ચૂલિકાનું આ તાત્પર્ય છે, તેથી મૂલ મંત્ર કરતાં પણ ચૂલિકાનું મહત્ત્વ વિશેષ છે અથવા એમ કહી કે ચૂલિકામાં રહેલા ભાવનમસ્કારને ઉત્પન્ન કરવા માટે જ પ્રથમ પાંચ પદો વડે પ્રથમ નમસ્કાર કરવામાં આવે છે.

શ્રી જિનશાસનમાં દ્રવ્ય વિના ભાવની ઉત્પત્તિ નથી અને ભાવ વિના કે ભાવનાં લક્ષ્ય વિના દ્રવ્યની કોઈ કીંમત નથી. ભાવનાં લક્ષ્યપૂર્વક થતો દ્રવ્યનમસ્કાર પ્રધાન દ્રવ્યનમસ્કાર છે, જે ભવ્ય જીવોને જ હોય છે.

ભાવનાં લક્ષ્ય વિના જ થતો દ્રવ્યનમસ્કાર એ અપ્રધાન દ્રવ્યનમસ્કાર છે અને તે અભવ્ય જીવોને કે મિથ્યાદૃષ્ટિ જીવોને પણ હોય છે.

સમ્યગ્દૃષ્ટિ જીવોનો દ્રવ્યનમસ્કાર ભાવનમસ્કારના લક્ષ્યવાળો હોવાથી પ્રધાન દ્રવ્યનમસ્કાર છે.

નવકારના પ્રથમ પાંચ પદોમાં પ્રધાન દ્રવ્યનમસ્કાર છે અને ચૂલિકાના ચાર પદોમાં ભાવનમસ્કાર છે અને નવકાર મહામંત્રનું ફલ દર્શાવવામાં આવ્યું છે.

જેમાં નવકારના પ્રથમ પાંચ પદોને જ મૂળ નમસ્કારરૂપ
માનીને છેલ્લા ચાર પદોને છોડી દે છે અથવા
મૂળવિશેષના વર્ણનરૂપ કરીને ચૂલિકાનું મહત્ત્વ ઓછું
આંકે છે, તેઓ મહાનિશીથના જ્ઞાનથી અજાણ્યા જ છે.
મહાનિશીથના જ્ઞાતા સમ્યગ્જ્ઞાની મહાપુરુષો ચૂલિકા
સહિત મૂળ મંત્રને જ મંત્રાધિરાજ અથવા મહામંત્ર
તરીકે માને છે અને તેનું યથાર્થ આરાધન કરે છે.
નય દૃષ્ટિથી પ્રથમ પાંચ પદો વડે થતો નમસ્કાર એ
વ્યવહારનયનો નમસ્કાર છે અને છેલ્લા ચાર પદો
વડે થતો નમસ્કાર એ નિશ્ચયનયનો નમસ્કાર છે.
નિક્ષેપ દૃષ્ટિએ પ્રથમ પાંચ પદો વડે થતો નમસ્કાર એ
નામ, સ્થાપના, દ્રવ્ય તથા નોઆગમથી ભાવનમસ્કાર છે
અને છેલ્લા ચાર પદો વડે થતો નમસ્કાર એ
આગમથી ભાવનમસ્કાર છે. તેને જ યોગદર્શન ક્રમવાર
સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિ અથવા ધ્યાતા, ધ્યેય
અને ધ્યાનની એકતારૂપ સમાપત્તિ શબ્દથી સંબોધે છે.

અરિહંતોનું માર્ગદર્શકપણું
માર્ગ દ્વારા જીવોને આનંદ આપે છે.
સિદ્ધોનું અવિનાશીપણું
અચલપણું દ્વારા અવિનાશિતા આપે છે.
આચાર્યોનો આચાર
પંચાચારના પાલન દ્વારા અતીન્દ્રિયતાને સમર્પે છે.
ઉપાધ્યાયોનો વિનય આચાર્ય નમ્રતા અર્પે છે.
સાધુનો સહાય કરવાનો ગુણ
બાળકોને સહાયક થવા દ્વારા કોમળતા સમર્પે છે.
અતીન્દ્રિય અવસ્થા સ્વતંત્રતાની સૂચક છે,
નમ્રતા અને કોમળતા કૃતજ્ઞતાની સૂચક છે.
કૃતજ્ઞતા દ્વારા સ્વતંત્રતાની સિદ્ધિ થાય છે,
તેમાં અવિનાશીપણું અને અવિનાશીપણાનો માર્ગ
અનુક્રમે આરંભ અને આનંદ સમર્પે છે.
અરિહંતો દ્વારા માર્ગ, માર્ગ દ્વારા આનંદ અને
આનંદ દ્વારા અવિનાશિતા સિદ્ધ થાય છે.

(૧) અરિહંત - માર્ગ - આનંદ
(૨) સિદ્ધ - અવિનાશી - અનંતસુખ
(૩) આચાર્ય - આચાર - અહમિન્દ્ર
(૪) ઉપાધ્યાય - વિનય - ઉચ્ચ
(૫) સાધુ - સહાય - કાર્ય
(૬) ચૂલિકા - સમાપ્તિ - સમર્પણા.

સમર્પણા દ્વારા પાપનાશ અને
મહામંગળની પ્રાપ્તિ, સ્વરૂપલાભ અને સિદ્ધિ મળે છે.
નવકારની ચૂલિકામાં અભ્યંતરકારક
સ્વપ્રકાશકતા અને નિશ્ચય રત્નત્રય રહેલાં છે.
અવિનાશિતાની સિદ્ધિ સ્વતંત્રતાના સ્વીકાર ઉપર છે.
નવકારમાં દેવ, ગુરુ અને ધર્મ છે.
દેવ, ગુરુ અને ધર્મમાં નવ તત્ત્વ છે.
નવ તત્ત્વમાં સમગ્ર વિશ્વ આવી જાય છે.
વિશ્વનું સ્વરૂપ નવ તત્ત્વોથી અતિરિક્ત નહિ.
નમસ્કાર પણ નવતત્ત્વસ્વરૂપ હોવાથી વિશ્વસ્વરૂપ છે.

કાંધ ઉપર ભવારણ્યનો ભાર : ભવારણ્યનો ભાર વહી વહીને આ પામર દેહની કાંધ પડી ગઈ - ખૈયડ વળી ગઈ છે. તે ભાર ઉતારનાર શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકાને પોતાની કાંધ પરે વહન કરવાથી ભાર હલકો બને છે.

ચૂલિકાનો ભાર વહન કરવાની ટેવ પાડવાથી
આપણું શરીર હલકું ફૂલ બની જાય છે.
આત્મા અજર - અમર છે, તેની પ્રતીતિ થતી જાય છે.
ચૂલિકાના ભારથી પાપનો નાશ, મંગળનો લાભ અને
શરણનું શરણ પ્રાપ્ત થાય છે.

ખરો ભાર પાપનો છે, તે નમસ્કાર ઉતારે છે.
સાચી દરિદ્રતા પુણ્યની છે, તે નમસ્કાર દૂર કરે છે.
સાચી અશરણતા, અસહાયતા, અનાથતા જીવની છે,
પરની છે, તેને દૂર કરનાર સ્વનું શરણ છે,
નિજની શરણાગતિ છે,
આત્માનું આત્મભાવમાં રહેવું છે.
તે નમસ્કાર અને તેની ચૂલિકાથી સિદ્ધ થાય છે.

સં ૨૦૨૬, જેઠ સુદ ૧૦, સાદડી (મારવાડ), ૧૪-૬-૧૯૭૦

## આત્માનુભૂતિમૂલક આત્મજ્ઞાન

મિથ્યાદૃષ્ટિ આત્માને સર્વોચ્ચ કોટિનો સામર્થ્ય યોગનો નમસ્કાર ન હોય, એ તો સ્વાભાવિક છે પણ વ્યવહાર સ્વરૂપનો નમસ્કાર કે જે પરંપરાએ મોક્ષનો સાધક છે, સર્વ પાપનો ક્ષય કરનારો છે, એવા શ્રદ્ધાથી કરાતો જૈન કોટિનો જે નમસ્કાર છે, તે પણ ન હોઈ શકે, કારણ કે તે મોક્ષને માનતો જ નથી.

માર્ગાનુસારી મિથ્યાત્વીને વ્યવહારકોટિનો નમસ્કાર હોઈ શકે, એમ માનવામાં વાંધો લાગતો નથી. ઘણાં ભદ્રિક આત્માઓ નવકાર શીખે છે - જપે છે તથા એનાથી સર્વ પાપનો સમૂલ ક્ષય થાય છે, તેમ એ માનતા પણ હોય છે. આપણે જેમને 'મિથ્યાત્વી' કહીએ છીએ, તેવા ઘણાં ય પ્રભુભક્તો માને છે કે પ્રભુના નામથી અથવા પ્રભુના નામથી સર્વ પાપો નાશ પામે છે.

'અરિહંત' એ પ્રભુનું એક નામ જ છે.

જેના મનનથી રક્ષણ થાય, તે 'મંત્ર' છે.
જેને આદિ, અંત કે મધ્ય નથી, તે 'મહામંત્ર' છે.
નવકાર એ મહામંત્ર છે,
કેમકે તે શુદ્ધ આત્માને જગાવે છે.
આત્મા એ જ મંત્ર અને મહામંત્ર છે.
તેનો અર્થ કે આત્માને જે જગાવે, તે 'સંત' છે.
પ્રથમ દાસ્ય, પછી સખ્ય, તદનંતર વાત્સલ્ય અને અંતે
માધુર્ય - એ ચાર ભાવ મળીને ધર્મ પૂર્ણદિશાને પામે છે.
અને 'નમો' વડે એ ચારે ભાવોનો વિસ્તાર થાય છે.
નમસ્કારનું લક્ષણ : સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ.
મંત્રમાં શબ્દશક્તિ છે, તેમ અર્થશક્તિ પણ છે.
અર્થશક્તિ શબ્દશક્તિથી વધુ સૂક્ષ્મ છે.
અર્થને શબ્દનું રૂપ પણ કહી શકાય.
અંગ્રેજીમાં તેને Sense કહે છે.
મંત્રના સાધકને સદા સંકલ્પ રાખવો જોઈએ કે:
શબ્દ જે રૂપને કહે છે, તે રૂપ શબ્દ દ્વારા પ્રગટ થાઓ.

## ભાવનમસ્કાર કઈ રીતે નિશ્ચયનો નિયમાત્ સંગ્રાહક ?

'નિશ્ચય' શરતે સાપેક્ષ જ અર્થ કરવો જોઈએ. વિશિષ્ટ જ્ઞાન વિનાના સર્વ ભદ્ર-સમ્યગ્દૃષ્ટિ જીવોને સાપેક્ષ નમસ્કારનો અભાવ હોતો નથી, તેથી નવકારના 'एसो पंचनमुक्कारो ।' પદથી ભાવનમસ્કાર ગ્રહણ કરવો. ભાવનમસ્કાર હોય તેમ જ સાપેક્ષ ઉત્તમ કોટિનો હોઈ શકે. ભાવનમસ્કારમાં નિશ્ચયનો નમસ્કાર તો જ આવે કે જો તેમાં વિશુદ્ધ કોટિની સમ્યક્ સમજણ હોય અને 'नाणेण सद्दहंतो अजाणमाणोवि सम्मत्तं ।' ન જાણવા છતાં ભાવથી શ્રદ્ધા કરે, તેને પણ સમ્યગ્દર્શન હોય, તેના જેવા વ્યવહારકોટિની ઊંચી ભૂમિકા પણ તેમાં આવે. 'नाणेण सद्दहंतो' જેવા ભૂમિકાને પણ નિશ્ચયનયથી પ્રારંભિક ભૂમિકામાં સમાવિષ્ટ કરી શકાય. એ દૃષ્ટિએ કહી શકાય કે ભાવનમસ્કાર નિશ્ચયનો નિયમાત્ સંગ્રાહક છે. દ્રવ્યનમસ્કાર = નૈગમનય - સંગ્રહનય. ભાવનમસ્કાર = ઋજુસૂત્રનય. નિશ્ચયનમસ્કાર = શબ્દાદિ ત્રણ નય.

ભણતરનો સાર શું છે ?

સરસ્વતી એ શ્રુતની અધિષ્ઠાત્રી છે.

સારસ્વતાદિ લોકાંતિક દેવો શ્રુતદેવતાને વશ છે.

બ્રાહ્મીલિપિ સર્વ કલાઓનું મૂળ છે, ગુણલક્ષ્મીનું નેત્ર છે.

તે જીવોની કુળદેવી સમાન છે.

તે વિશ્વપાવક, વિશ્વસંજીવની, મોક્ષનું સાધન છે.

તે જ્ઞાનરૂપ ઉપકારને કરે છે, તેથી પૂજ્યતમ છે.

'નવકાર ચૌદ પૂર્વનો સાર છે' એનો અર્થ

ચૌદ પૂર્વનું માત્ર નવકારનું જ જ્ઞાન કરાવવું છે.

તે જ્ઞાન કરાવવું તેટલું જ તેનું

કાર્ય છે, પ્રયોજન છે, ફળ છે.

શાસ્ત્ર ભણીને પણ જો નવકારને ન પામે,

તો તેનું ભણતર નિઃસાર છે.

નવકારને, પંચપરમેષ્ઠિને તથા શુદ્ધ આત્મતત્ત્વને જાણવું,

તે ભણતરનો સાર છે.

તે જાણ્યા પછી કાંઈ જાણવાનું રહેતું નથી.

**જપ, જપાજપ તથા અજપાજપમાં શું ફેર ?**

મનની ક્રિયા વડે થતો જપ એ જપ છે.
જેમાં જપની ક્રિયા બંધ છે પણ
મન તેને માત્ર સાંભળે છે, તે 'જપાજપ' છે.
મંત્રના આંદોલનોને મન માત્ર ગ્રહણ કરે છે પણ
પોતે ક્રિયા કરતું નથી, ત્યારે તે 'અજપાજપ' કહેવાય છે.
ઘણો કાળ માનસજાપ થયાં પછી જ તે અવસ્થા આવે છે.
મન નિર્વિકલ્પ રહે છે અને મંત્રજાપ થયાં કરે છે,
એ સ્થિતિ સહજાવસ્થાની પૂર્વભૂમિકા છે.

**અરિહંતો તથા સિદ્ધો શેના પ્રતીક ?**

અરિહંતો નાદબ્રહ્મના પ્રતીક છે,
તો સિદ્ધો જ્યોતિબ્રહ્મના પ્રતીક છે.
તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ પ્રકૃતિ એ નાદબ્રહ્મનું ફળ તથા
અષ્ટકર્મ નિર્મૂળ કરવા રૂપી સિદ્ધપદ એ
જ્યોતિબ્રહ્મનું પરિણામ છે.
નાદ - જ્યોતિનો એ રીતે સમન્વય રહેલો છે.

## પ્રભુ સંગાથે એકરૂપ થવામાં ત્રણ શરત:

## નિર્મળતા - સ્થિરતા - તન્મયતા.

નમસ્કાર વડે દુષ્કૃતગર્હા થતી હોવાથી
તે નિર્મળતાનું કારણ છે.
નમસ્કાર વડે સુકૃતાનુમોદના થતી હોવાથી
તે સ્થિરતાનું કારણ છે.
નમસ્કાર વડે શરણાગમન થતું હોવાથી
તે તન્મયતાનું કારણ છે.

પંચપરમેષ્ઠિ ભગવંતોની સાથે તદ્રૂપતા થવામાં અર્થાત્ સમાપત્તિ, સમરસાપત્તિ કે એકરૂપતા થવામાં ત્રણ શરત છે: પ્રથમ ચિત્તની નિર્મળતા થવી જોઈએ, પછી ચિત્તની એકાગ્રતા - સ્થિરતા થવી જોઈએ અને એ બે થયાં પછી અંતઃકરણની તન્મયતા થવી જોઈએ.

નિર્મળતા માટે દુષ્કૃતગર્હા સાધન છે.

આ પંચ પરમેષ્ઠિ ભગવંતો પોતાના સૌ સાચા ભક્તોને-સેવકોને પાલખીમાં બેસાડીને મુક્તિમાં લઈ જાય છે.

## નવકારના પ્રથમ પાંચ પદમાં

શ્રવણ - સ્મરણ - વંદન - પાદનમન - અર્ચનાદિ ભક્તિ છે. તેમાં પ્રભુનું દાસ્ય - સખ્ય - આત્મનિવેદન પ્રદર્શિત થાય છે. છેલ્લા ચાર પદમાં સ્વરૂપાનુસંધાનની પ્રક્રિયા છે.

'તત્ત્વમસિ', 'પ્રજ્ઞાનં બ્રહ્મ', 'અયમાત્મા બ્રહ્મ' અને 'અહં બ્રહ્માઽસ્મિ' વગેરે વાક્યો જે અર્થને કહે છે, તે અર્થને જ સિદ્ધ કરવા નવકારની ચૂલિકામાં પ્રયત્ન છે. 'આ પાંચ નમસ્કાર' એમ કહીને એકદમ object પરથી subject પર આવવાનું થાય છે. આ નમસ્કાર પદ સમાપત્તિવાચક છે. ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતાનો અર્થ સમાપત્તિરૂપ નમસ્કાર વડે સૂચવાય છે. એ સમાપત્તિ સર્વ પાપની નાશક અને સર્વ મંગળમાં પ્રથમ મંગળની વાચક છે. પ્રથમ ૫ પદથી પરમેષ્ઠિઓનું સ્મરણ થાય છે, જે વડે છઠ્ઠા પદમાં શરણ થાય છે, જે આત્મસમર્પણતા ઉત્પન્ન કરે છે. આત્મસમર્પણતા એ સર્વ પાપનાશક તથા સર્વશ્રેષ્ઠ મંગળની ઉત્પાદક થાય છે.

'Ask and you shall receive.'

આ વાક્ય સમ્યગ્દર્શન - તત્ત્વરૂચિ દર્શાવે છે.

'Seek and you shall find.'

આ વાક્ય સમ્યગ્જ્ઞાન - તત્ત્વબોધ દર્શાવે છે.

'Knock & the doors are opened.'

આ વાક્ય સમ્યગ્ચારિત્ર - તત્ત્વપરિણતિ દર્શાવે છે.

આ રીતે નમ્રતા એ જ ask એટલે તત્ત્વરૂચિબોધક છે, નમ્રતા એ જ seek અર્થાત તત્ત્વબોધસૂચક છે તથા નમ્રતા એ જ Knock એટલે તત્ત્વપરિણતિ જણાવે છે. નમ્રતા વડે અનુક્રમે પ્રાપ્તિ, ઉપલબ્ધિ, પરિણતિ સધાય છે. પ્રથમ વિષયની પ્રાપ્તિ, પછી તેની ઉપલબ્ધિ અને અંતે તદ્રૂપ પરિણતિ ઘડાય છે.

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની શક્તિની પરાકાષ્ઠા અને પોતાની બંધન અવસ્થા ખ્યાલમાં આવવાથી ભક્તિ કરાતી નથી પણ થઈ જાય છે અને ભક્તિથી કર્મના બંધન શિથિલ થાય છે.

## અર્હંતમાં પ્રતિષ્ઠિત આર્હંત્ય

નમસ્કારનો હેતુ - પંચ પરમેષ્ઠિ.

નમસ્કારનું સ્વરૂપ - નિર્મળ પરિણતિ.

નમસ્કારનું ફળ - પ્રથમ મંગળ - આત્મલાભ.

'સકલ' એટલે કલાથી યુક્ત અર્થાત્ દેહથી યુક્ત
અર્હંતમાં પ્રતિષ્ઠિત આર્હંત્ય સિદ્ધાવસ્થામાં સંભવે નહિ.
સક્રિય આર્હન્ત્ય શક્તિની સાધના છે,
જે ભાવઅરિહંતમાં જ સંભવે.

## શબ્દબ્રહ્મ દ્વારા પરબ્રહ્મની પ્રાપ્તિ

અર્હં તો વિશ્વપુરુષની નાભિમાં છે અને
તે શબ્દબ્રહ્મ રૂપ છે.

યોગી પુરુષો નાભિમાંથી 'अर्हं'ના ધ્યાનનો પ્રારંભ કરે છે, ત્યાંથી જ નાદનું ઉત્થાન થાય છે અને તે આર્હંત્યની શક્તિરૂપ છે. એ નાદબ્રહ્મ દ્વારા મેરુદંડના માર્ગે થઈને જ્યારે સહસ્રારમાં પહોંચાય, ત્યારે પરબ્રહ્મની પ્રાપ્તિ થાય અર્થાત્ અર્હંત દ્વારા સિદ્ધનો સાક્ષાત્કાર થાય.

નવકાર મંત્ર ગણવામાં આપણું મન જ્યારે પંચ પરમેષ્ઠિ ભગવંતો ઉપર વિનિવિષ્ટ થાય છે, તે જ વખતે આપણો ઉપયોગ, જ્ઞાન, દર્શન, વિનયાદિ પોતાનું શુભ કાર્ય કરે છે અને સાથે જ અવ્યક્તપણે આપણું પોતાનું પરમેષ્ઠિસ્વરૂપ પ્રચ્છન્ન રીતે અંદર રહેલું છે, તેનું ભાન જાગ્રત થાય છે.

પરમેષ્ઠિઓને વિષે મનનો ઉપયોગ એ શુભપર્યાય છે. 'પર્યાયમાત્રનો આધાર દ્રવ્ય છે તથા દ્રવ્ય ત્રિકાળશુદ્ધ, અક્ષય, અખંડ, અભંગ છે અને પરમાત્મસ્વરૂપ છે' તેથી નિર્ણય નવકારના સ્મરણ વખતે જેમ જેમ દૃઢ થતો જાય, તેમ તેમ આત્મા નિર્ભય - નિશ્ચિંત બને છે. આ સ્મરણ આત્મસ્મરણ બની સહજ સમાધિ પ્રકટાવે. આત્માની સાથે જેમ જેમ એકતા, સ્થિરતા, નિશ્ચલતા વધતી જાય, તેમ તેમ જ્ઞાનાવરણીય - અંતરાય આદિ ઘાતીકર્મોનો ક્ષય થઈને નિર્મળ જ્ઞાનપ્રકાશ પ્રકટે છે, ઉપરાંત શ્રદ્ધા - ચારિત્ર આદિ ગુણો સ્થિર થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમનાં પાંચ પદો
વ્યવહાર - નિશ્ચય ઉભય નમસ્કારનાં સૂચક છે.
ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્ય -
ત્રણે યોગોનો નમસ્કાર 'નમો' પદથી આવે છે.
આત્મવિષયક નમસ્કાર પણ
નવકાર મંત્રના પ્રથમ પાંચ પદોમાં આવી જાય છે.
પહેલાં દ્વૈતભાવનો નમો પછી અદ્વૈતભાવનો નમસ્કાર-
બંને 'નમો' તથા 'ણમો' પદથી પણ લઈ શકાય છે.
અદ્વૈતભાવનો અર્થાત્ સામર્થ્ય યોગનો નમસ્કાર જો
બધાં જ પાપોનો નાશ કરનાર છે, તો વ્યવહારનયનો
નમસ્કાર પરંપરાએ બધાં પાપનો નાશ કરનાર છે.
એટલે આખો જ નવકાર
વ્યવહાર - નિશ્ચય ઉભયનો સંગ્રાહક છે.
ત્રણે યોગનો યાને ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યયોગનો
નમસ્કાર 'નમો' પદથી લેવાય છે,
એ 'લલિત વિસ્તરા' ગ્રન્થથી સ્પષ્ટપણે સમજી શકાય છે.

# માળાના ૧૦૮ મણકા શા માટે?

કળિયુગમાં મનુષ્યની વય સાધારણ રીતે ૧૦૮ વર્ષની છે.
પ્રભુસ્મરણ કરવાનો વખત વટી ન જાય,
તે માટે માળાના ૧૦૮ મણકા દર વખત યાદ આપે છે.
જ્યોતિષ શાસ્ત્ર મુજબ ૧૨ રાશિમાં
૯ ગ્રહોને ભ્રમણ કરતાં ૧૦૮ વર્ષ લાગે છે,
એ દૃષ્ટિએ પણ માળાના મણકાની સંખ્યા ૧૦૮ છે.
૧૦૮ મણકાની સંખ્યાના છેડે
હીરાના બંને છેડાની એકતા સાધવા મેર હોય છે.
મનુષ્યના શરીરમાં કરોડરજ્જુ છે, તેને 'મેરુદંડ' કહે છે.
તેને ટટ્ટાર અને સ્થિર રાખીને યોગની
આસન - પ્રાણાયામાદિ ક્રિયાઓ કરવાની હોય છે.
માળામાં પણ વિરામચિહ્ન તરીકે સુમેરુ સ્વીકારાયેલ છે.
મરકટની માફક આમતેમ કૂદકા મારતાં મનને
કાબૂમાં રાખવા માટે માળા એ ચાબૂકનું કામ કરે છે.
ઈશ્વર નામસ્મરણ રૂપી એકેક મણકો મનને

દમન કરવામાં ચાબૂકનું કામ કરે છે, આદિ
જૈનાગમ રટવાને ટેવાયેલું મન સ્થિર બની જાય છે.
આ રીતે સ્થિર થયેલું મન અનુક્રમે
માનસિક જાપ કરવાને માટે સુયોગ્ય બને છે.

'નમો' એ શ્રી જિનપ્રવચનના સારરૂપ છે.

નમો એ...

જ્ઞાનરૂપ છે, દર્શનરૂપ છે, વિનયરૂપ છે, ચારિત્રરૂપ છે,
સંયમરૂપ છે, ક્રિયારૂપ છે, નયરૂપ છે,
ગૌતમસ્વરૂપ છે, જિનસ્વરૂપ છે, બ્રહ્મચર્યસ્વરૂપ છે,
અભિનવજ્ઞાનરૂપ છે, શ્રુતસિદ્ધાંતરૂપ છે, તીર્થરૂપ છે,
જિનપ્રવચનરૂપ છે, તેથી આદરણીય છે.

નમો એ સર્વ પાપપ્રણાશનરૂપ છે, સર્વ મંગળરૂપ છે,
સર્વકલ્યાણરૂપ અને સર્વ સુખરૂપ છે માટે ઉપાદેય છે.
નમસ્કારનું સ્વરૂપ આત્મસ્વરૂપ જ છે.
આત્માના શુદ્ધ પર્યાયનું અને પર્યાયના આધારભૂત
અખંડ દ્રવ્યનું સ્વરૂપ એ જ પરમાત્મસ્વરૂપ છે.

નવકારમંત્રના અનુપાલનપૂર્વક આત્મા પરમાત્મામાં મળે.
આવા યોગીને પછી તીર્થમાં ભટકવાનું રહેતું નથી.
અડસઠ તીર્થ તો આ અંગમાં જ સમાયા છે.
ભીતરમાં રહેલા સર્વ - કામનાઓને બાળી નાંખે,
તો શરીર પવિત્ર સ્થળ બની રહેવાનું છે.
પંચ પરમેષ્ઠિનું સ્મરણ અને જાપની પાછળ
પંચ પરમેષ્ઠિ પદાર્થનું ભાવન અને
એ પદાર્થની પ્રાપ્તિ માટે અર્થભાવન હોવું જોઈએ.
પંચ પરમેષ્ઠિ પદાર્થ કેવળજ્ઞાન,
ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રમય છે અને
એ ગુણોના અર્થે જ તેમનું સ્મરણ કરવું હિતાવહ છે.
આચાર્યોપાધ્યાયસાધુ - એ ત્રણે પછી ક્ષયોપશમભાવના
જ્ઞાનાદિને ધારણ કરનારા પણ હોય છે, પરંતુ
અલ્પકાળમાં જ ક્ષાયિક ભાવને પામનારા હોવાથી
તેઓ પણ કેવળજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ અને
યથાખ્યાત ચારિત્રમય જ ગણવા યોગ્ય છે.

ધર્મનું સ્વરૂપ રત્નત્રયમય છે અને તે
ધર્મને ધારણ કરનાર આત્મા પણ રત્નત્રયમય હોય છે.
સોનું જેમ પીળું - ચીકણું - ભારે એક જ સાથે હોય છે,
તેમ પરિપૂર્ણ ધર્મ પણ
સોનાની પીળાશની જગ્યાએ કેવળજ્ઞાનમય,
સોનાની ચીકાશની જગ્યાએ ક્ષાયિક સમ્યક્ત્વમય અને
સોનાની ભારાશની જગ્યાએ યથાખ્યાત ચારિત્રમય હોય છે.
પંચ પરમેષ્ઠિ એ ત્રણ ગુણમય હોવાથી
સાચા સુવર્ણ સમાન છે, તેમને નમસ્કાર એ
સોનું મેળવવા માટે તેની ખાણને ખોદવા સમાન છે અને
પાપનાશ તથા ઉત્કૃષ્ટ મંગળ - એ તેના ફળો છે.
એમ સુવર્ણની સંપૂર્ણ ઓળખ તેના હેતુ, સ્વરૂપ
અને ફળની જાણકારી ઉપર આધાર રાખે છે, તેમ ધર્મ
પણ તેના હેતુથી, સ્વરૂપથી અને ફળથી ઓળખાય છે.
ધર્મનો હેતુ ધર્મક્રિયા, ધર્મનું સ્વરૂપ જ્ઞાન - દર્શન તથા
ચારિત્ર છે અને ધર્મનું ફળ પાપનાશ અને મુક્તિ છે.

નમસ્કાર એ...

unit (જીવ)માંથી unity (શિવ)માં લઈ જાય છે,

from living being to universal being.

ચૂલિકા એ માર્ગ છે, આચાર્ય - ઉપાધ્યાય - સાધુ એ દ્વાર છે.

અરિહંત - સિદ્ધ એ સાર છે.

અરિહંતોને સન્માનનું દાન હું કેવી રીતે આપું?

હું તો તેમનો ઋણી છું. દેવાદાર દાન કેવી રીતે આપી શકે?

જેટલો સમય અરિહંતોમાં ઉપયોગ એજ તાત્વિક દાન છે,

એ આત્માનું મહાદાન છે, એ જ મોટું સમર્પણ છે.

object merges with subject.

પરમેષ્ઠિઓનું ધ્યાન છોડીને આત્મધ્યાન ધરવું જ નહિ.

'નમો'માં અહીંથી લોકાકાશમાં

તમારા આત્મપ્રદેશો વ્યાપ્ત કરવાની - પ્રસારવાની શક્તિ છે.

સિદ્ધોની મહાચેતના

તમારામાં સંક્રમણ કરવાની શક્તિ ધરાવે છે.

આકાશનું તત્વ ધ્વનિ છે.

ધ્વનિથી પર અલખ મહાચેતના છે,
જે સિદ્ધશિલા ઉપર અનંતા સિદ્ધોમાં રહેલી છે.
અનંત સિદ્ધોની એ મહાચેતના
એ સમસ્ત જીવરાશિ ઉપરનું ગુરુત્વાકર્ષણ છે.
એ 'પરસ્પરોપગ્રહો જીવાનાં |' એ સૂત્રનું તાત્પર્ય છે.
'ભુવણઘર - ધરણ - ખંભા |'
અર્થાત્: અહીં ભુવનરૂપી ઘરને ધારણ કરવા માટે
થાંભલા સમાન સિદ્ધ ભગવંતો છે.
'ધર્મ'ને એક શબ્દમાં સમજાવવો હોય,
તો 'સ્નેહપરિણામ' શબ્દથી સમજાવી શકાય.
સ્નેહપરિણામ એકબાજુ સમ્યગ્દર્શનની તથા
બીજીબાજુ તેના ફલસ્વરૂપ
સમ્યક્ચારિત્રની પણ અપેક્ષા રાખે છે.
જ્ઞાન અને ક્રિયા ઉભયને સફળ બનાવનાર
સ્નેહપરિણામ હોવાથી ધર્મના વિષયમાં તેની મુખ્યતા છે.
સ્નેહપરિણામની માંગ વિશ્વવ્યાપી છે.

## નવકાર ભણે તે જૈન - નવકાર ગણે તે જૈન.

જૈન અર્થાત્ જિનેશ્વર ભગવાનનો અનુયાયી
સૌથી પ્રથમ 'નમો અરિહંતાણં ।' પદ વડે
શ્રી જિનેશ્વર ભગવંતોને નમસ્કાર કરે છે.
તે પછી આઠ કર્મનો ક્ષય થતાં પશ્ચાત્
'સિદ્ધ' નામે ઓળખાતો તેમનો અથવા
સામાન્ય કેવલી ભગવાનનો વિશિષ્ટ પદવિ,
તેને 'નમો સિદ્ધાણં ।' પદ વડે નમસ્કાર કરે છે.
ત્યાર બાદ જિનેશ્વર ભગવાને પ્રરૂપેલા સિદ્ધાંતો પ્રમાણે
આચાર પાળનાર અને ઉપદેશ કરનાર આચાર્યોને,
તે સિદ્ધાંતો પોતે ભણનાર અને
અન્યને ભણાવનાર ઉપાધ્યાયોને તથા મોક્ષાભિલાષી
ભવીને મોક્ષમાર્ગમાં સહાય કરનાર સાધુ ભગવંતોને
નમસ્કાર શ્રી નવકાર મંત્રમાં થાય છે, તેથી
'નવકારને ગણનાર અને જૈન -
બંને વસ્તુતઃ એક જ છે' એમ સિદ્ધ થાય છે.

'જૈન' એટલે નવકારને ગણનાર.

અન્ય સૂત્રો ન આવડે તો ભલે ન બોલે,
સૂત્રો સાંભળીને પણ ચાલી શકે પણ
નવકાર મંત્ર તો પોતે જ બોલવો જોઈએ,
તેથી દરેક જૈને તેનો મુખપાઠ કરવાનો રહે છે.

'નવકાર ભણે તે જૈન અને નવકાર ગણે તે જૈન'
- એમ જ્ઞાન અને ક્રિયા ઉભય સ્વરૂપ
મોક્ષમાર્ગનું આરાધન પ્રત્યેક જૈનને રહેલું છે.

તે આરાધનાથી સર્વ પાપનો અર્થાત્
સ્વાર્થ ભાવનાનો નાશ થાય છે અને સર્વ મંગળોમાં
પરોપકારભાવ રૂપ પ્રથમ મંગળની પ્રાપ્તિ થાય છે.
નવકારમાં પ્રથમ નમસ્કાર અરિહંત ભગવંતોને છે,
જેઓએ સ્વાર્થભાવ રૂપ પાપનો પ્રણાશ કર્યો છે અને
પરાર્થભાવરૂપી મહામંગળનું આરાધન અવશ્ય કરેલું છે અને
તે વડે તીર્થંકર નામકર્મરૂપી પરમપુણ્યને ઉપાર્જન કરી
વિશ્વોપકાર વડે તેને સાર્થક કર્યું છે.

નવકાર મંત્ર સર્વ આપદાઓને ભેદી નાંખનાર છે,
તેમાં પ્રથમ કારણ સ્વાર્થમાંથી સર્વથા પર થઈ ગયેલા
જિનેશ્વર ભગવંત, તેમની આજ્ઞા અને
તે આજ્ઞાના ફળસ્વરૂપ સિદ્ધપદને નમસ્કાર છે.
નવકાર મંત્ર સર્વ સંપત્તિનું કારણ છે,
તેમાં પ્રથમ હેતુ સર્વદા અને સર્વથા
પરાર્થરસિક પુરુષોને તેમાં નમસ્કાર છે અથવા
૮ કર્મ એ પાપ અને અનંત ચતુષ્ટય એ શ્રેષ્ઠ મંગળ છે,
સર્વ પ્રયોજનોનું પ્રયોજન છે, અવ્યાબાધ સુખ છે
અને સર્વ દુ:ખોનો આત્યંતિક ક્ષય છે.
દુ:ખનો ક્ષય કર્મક્ષયથી છે,
કર્મનો ક્ષય ચિત્તની સમાધિ વડે થાય છે,
ચિત્તસમાધિ બોધિલાભ વડે થાય છે નક્કી,
બોધિનો લાભ દર્શનબોધિ, જ્ઞાનબોધિ અને
ચારિત્રબોધિના સ્વામી એવા જિનેશ્વરોના પ્રણિધાનથી છે.
સિદ્ધાદિનો પ્રણિધાન ગર્ભિતપણે જિનેશ્વરોનાં જ પ્રણિધાનરૂપ છે.

જિનેશ્વરો જ સકલ કર્મના ક્ષયથી સિદ્ધ છે,
આચારના પાલનથી આચાર્ય છે, અધ્યાપક સ્વરૂપે પાઠક-
ઉપાધ્યાય છે અને સહાય સ્વરૂપે સાધુ કે મુનિ છે.

પંચ પરમેષ્ઠિને નમસ્કાર એ
સર્વ પાપકર્મોનો, દુઃખ - દારિદ્ર્યનો ચૂરક છે અને
સર્વ મંગળોનો, સમાધિ - બોધિનો જનક છે.
સમાધિ સમતાસ્વરૂપ છે અને
તે રત્નત્રયસ્વરૂપ બોધિ અને તેની આરાધનાનું ફળ છે.

V.V. good.

નવકાર મંત્ર એટલે આત્મા.

જગતનાં તુચ્છ સુખોની ખાતર આત્માને ન ભૂલવો જોઈએ.

નવકાર મંત્ર આત્માની યાદ આપનાર છે.
શુભ - અશુભ ઉભય પ્રસંગો જેમ કે
જન્મ - મરણ, સંપત્તિ - વિપત્તિ,
આત્મિક કાર્ય કે સંસારવ્યવહારનું કાર્ય -
આવા ઉભય પ્રસંગો કર્મકૃત છે, એમ માની નિશ્ચલ
મનથી નમસ્કારસ્મરણ, આત્મસ્મરણ કરવું જરૂરી છે.

આ નમસ્કાર મહામંત્રને 'મહાશ્રુતસ્કંધ' અને
સર્વ શ્રુતસ્કંધમાં વ્યાપ્ત કહેલો છે, એનું કારણ
'સર્વ શ્રુતસ્કંધ આત્મજ્ઞાનને માટે છે'
તે જ્ઞાન નવકારમંત્ર સ્પષ્ટપણે કરાવે છે, તે છે.
જ્ઞાનની સાથે શ્રદ્ધા અને આચરણ જોડાયેલાં છે, તેથી
આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મરમણતા - ત્રણેનો એક
શાબ્દઅવલંબનની જેમ નમસ્કાર મંત્ર છે, કેમકે તેમાં
સઘળાં શાસ્ત્રોનો સાર - આત્મવિષયક જ્ઞાન, શ્રદ્ધા અને
પરિણમન રહેલાં છે, તેથી તેને વિધિપૂર્વક, એકાગ્રતાથી,
દૃઢ શ્રદ્ધાથી, આદર - બહુમાનથી, વિસ્મય (Wonder),
પુલક (joy) અને પ્રમોદથી (Love) ગણવો જોઈએ.
તેના સ્મરણ વખતે ક્ષુધા, તૃષા અને શ્રમ શમી જાય.

ફુરસદના વખતમાં સમય પસાર કરવા માટે
તે એક નિઃસ્વાર્થ સોબતીની ગરજ સારે છે.

આ નવકાર મહામંત્ર દૃઢ શ્રદ્ધા, સૂક્ષ્મ સમજ અને
સદા તીવ્ર ઉપયોગપૂર્વક ગણવો જોઈએ.

## 'જૈન' એટલે...

જ્ઞાન - દર્શન - ચારિત્ર વડે રાગ - દ્વેષ - મોહને જીતનારો,
(જ્ઞાન - દર્શન - ચારિત્ર એટલે... આત્મા)
આત્મા વડે આત્મા ઉપર વિજય મેળવનારો,
નિત્ય આત્મધ્યાનમાં રહેનારો.
એ રીતે જૈનત્વની વ્યાપ્તિ
વ્યવહારથી પંચ પરમેષ્ઠિની ભક્તિમાં અને
નિશ્ચયથી આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં રહેલી છે.
'જૈન' એટલે જિનેશ્વરનો અનુયાયી.
'જિનેશ્વરનો અનુયાયી'નો અર્થ જિનેશ્વરને નમનારો,
તેમના ઉપદેશને, આચારને, આચારના ફળસ્વરૂપ
સિદ્ધપદને અને તેમાં સહાયભૂત થનાર સાધુવર્ગને
આદર આપનારો, તે 'જૈન' છે.
એ રીતે જૈનત્વની સાથે નવકારનો અભેદ છે.
જ્યાં નવકાર છે, ત્યાં જૈનત્વ છે અને
જ્યાં જૈનત્વ છે, ત્યાં નવકાર છે.

## જપ કેવી રીતે કરવો ?

જપ માટે જીભથી નામ લેવું, મનથી સ્મરણ કરવું,
આંખથી દર્શન કરવા અને કાનથી શ્રવણ કરવું.
ભગવાન સાધનસાધ્ય નહિ પણ ભક્તિલભ્ય છે.
જપ કરવાથી છ મહિનામાં ભગવાન મળે છે.
નમોક્કારો = પાંચ 'નમો' પદની આવલિ.
ૐકાર, હ્રીંકાર, અર્હંકારની જેમ 'નમો'કાર પણ આવશ્યક છે.
'નમો' વાક્ય કર્તરી કે કૃત્યકારી સમજવું જોઈએ.
'કૃત્ય માટેની ક્રિયા કરવી જોઈએ' તે અધ્યાહાર છે.
'एएसिं पंचण्हं नमोक्कारो । किं करिज्जा ?' આ
પ્રશ્નના ઉત્તરમાં 'આ પાંચેનો નમસ્કાર' એમ કહ્યું છે.
'નમો' શબ્દથી શરૂ થતી પંચ અધ્યયનોની આવલિ-
જેને વાક્તંત્રની ભાષામાં 'નમો' કહી શકાય, તે
કૃત્યકારિ-કાર્યજનક છે, તેની પાછળ ક્રિયા અધ્યાહાર છે.
અન્યથા અક્ષરસમજુ ક્રિયા જ કરે નહિ,
તો પણ તે ફલપ્રદ કેવી રીતે નિવડે ?

કેવળ સ્વભાવ જ કાર્ય પ્રત્યે હેતુ છે.

'પંચનમસ્કારી'ને સામાસિક પદ ન કરતાં

'પંચકૃત્વા નમસ્કારઃ।'

એમ જો અવ્યયભાવ સમાસ કરવામાં આવે,

તો 'નમઓ' વાક્‌ની કૃત્યકારિતા સ્પષ્ટ થાય.

'નમઓ' એ વૈખરી - મધ્યમાની જેમ

પશ્યંતી અને પરાવાક્ તરીકે પણ ઘટાવાય, તો

આગમિક અર્થની સાથે તેનો સમન્વય થઈ જાય છે.

મધ્યમા વિચારાત્મક, પશ્યંતી ભાવાત્મક,

પરાવાણી સંકલ્પાત્મક અને વૈખરી ઉચ્ચારણાત્મક છે.

## દાનધર્મની મીમાંસા

'નમસ્કાર'નો એક અર્થ સન્માનનું દાન છે અને

દાન એ જ પુણ્યનું કારણ હોવાથી સાચું તાત્ત્વિક ધન છે.

દાનમાં પણ ભાવ શ્રેષ્ઠ છે.

સ્વાર્થ માટે ઘણું દાન પુણ્યોપાર્જન કરાવે છે,

કિન્તુ તે પુણ્યાનુબંધી પુણ્ય નહિ.

પરાર્થ માટે ધર્મ દાન જ પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ છે.
નમસ્કાર વડે ધર્મ પંચ પરમેષ્ઠિઓનું સન્માન
પરાર્થ હોવાથી પરમ પુરુષાર્થની સિદ્ધિનું કારણ છે.
નમસ્કાર વડે પરમ પુરુષોને શરણે રહેનાર પુરુષ
નિર્ભય હોય છે અને નિર્ભય હોવાથી જ
તે સર્વ પરિષહોને સહવા માટે સમર્થ બને છે.
સહનશીલ હોય, તે જ ક્ષમાશીલ છે.
સ્વાપકર્ષ - બોધાનુકૂલ - વ્યાપારો નમસ્કારઃ ।
અર્થાત્: પોતાના અપકર્ષનો બોધ જે વડે થાય,
તે ક્રિયાને 'નમસ્કાર' કહે છે.
Imp અહીંથી જ એ અર્થ પણ નીકળે છે કે:
ગુણાધિક પુરુષોના ઉત્કર્ષનો બોધ જે વડે, જે ક્રિયા
વડે પ્રકટ કરાય, તે ક્રિયાને પણ 'નમસ્કાર' કહેવાય છે.
નમસ્કારની ક્રિયા વડે બે વસ્તુનો બોધ થાય છે:
એક તો નમસ્કાર કરનાર સ્વગુણહીનતાને બતાવે છે,
બીજું અધિક ગુણવાન પ્રત્યે આદરનો ભાવ બતાવે છે.

ૐકાર પરમાત્મવાચક છે તથા
નમસ્કાર તત્પરિણતિ વાચક છે.
પરમાત્માકાર આત્માનું પરિણમન તે નમસ્કાર છે.
પરમાત્માના પાંચ સ્વરૂપ છે:
અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.
એ પંચ પરમેષ્ઠિ પરમાત્મસ્વરૂપ છે.
પરમાત્મા સાધુ તો છે જ, તદુપરાંત
ઉપાધ્યાય, આચાર્ય, સિદ્ધ અને અરિહંત સ્વરૂપે પણ છે.
ૐકાર પરમાત્મવાચક છે, નમસ્કાર અંતરાત્મવાચક છે.
નમસ્કાર ભાવમાં રહીને ઓંકાર ભાવમાં પરિણત થવું,
આત્માનું પરમાત્માકારે ભાવવું, તે નમસ્કાર પદાર્થ છે.
નમસ્કારમાં બહિરાત્મભાવનો ત્યાગ છે,
અંતરાત્મભાવનો સ્વીકાર છે અને
અંતરાત્મભાવમાં સ્થિર થઈને પરમાત્મભાવમાં નિમજ્જન છે.
'દ્રવ્યરૂપે જીવાત્મા પોતે જ પરમાત્મા છે'
એવું ભાન નમસ્કાર વડે થાય છે.

નમસ્કારભાવમાં બહિરાત્મભાવનો ત્યાગ,
અંતરાત્મભાવનો અંગીકાર અને
પરમાત્મભાવમાં અંતરાત્માનું સ્થાપન સમાઈ જાય છે,
તેથી નમસ્કાર શ્રુત સર્વ શ્રુતમાં શિરોમણિભૂત મનાય છે.
તેમાં અંતરાત્મભાવનું
પરમાત્મભાવમાં સીધું વિલિનીકરણ છે.
અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય સાહૂ
એ પંચ પરમેષ્ઠિના શરણ દ્વારા
આત્માનું શરણ ઈચ્છવા યોગ્ય છે.
ભેદ દ્વારા અભેદ, આલંબન દ્વારા નિરાલંબન,
સ્થૂલ દ્વારા સૂક્ષ્મમાં જવું - એ ક્રમ છે.
અરિહંતાદિ પરમેષ્ઠિ ભગવંતનું આલંબન
એ નિરાલંબનમાં જવાનો માર્ગ છે. નિરાલંબન અર્થાત્
કેવળ આત્માનું આલંબન આત્મા લઈ શકતો નથી.
'નિરાલંબન' અર્થાત્ આત્માલંબન એ સાધ્ય છે,
તેનું સાધન આલંબન છે.

અરિહંતનાદ એ પુષ્ટાલંબન છે, કેમકે તેમાં
આત્માલંબન સુધી પહોંચેલા પરમ પુરુષોનું આલંબન છે.
તે આલંબન લેતાં જ નિરાલંબન સુધી પહોંચી જવાય.

પોતે અલક્ષ્ય સુધી પહોંચેલા હોવાથી તેમનું
લક્ષ્ય લેતાંની સાથે જ અલક્ષ્ય સુધી પહોંચી જવાય છે.
પોતે સૂક્ષ્મ સુધી ગયેલા હોવાથી તેમની તરફ જોતાંની
સાથે જ સૂક્ષ્મ ધ્યાનમાં આવી જવાય છે.

એ રીતે અલક્ષ્ય સૂક્ષ્મ અને નિરાલંબન
એવા આત્મા સુધી પહોંચવા માટે
લક્ષ્ય, સ્થૂલ અને સાલંબન એવા પદોનું
આલંબન લેવું એ ગુરુકિલ્લી કે master key છે,
જેમ ચાવી વિના તાળું લાખો ઉપાયે પણ ખુલી શકતું નથી,
તેમ અલક્ષ્ય અને સૂક્ષ્મ એવા આત્મતત્ત્વ સુધી
પહોંચાડનાર એવા પુષ્ટાલંબન વિના
ધ્યેય પર્યન્ત પહોંચવું અશક્ય છે, એમ સમજ
ધ્યેયપર્યન્ત પહોંચેલા પરમેષ્ઠિઓનો નમસ્કાર વિહિત છે.

અરિહંતના નમસ્કારમાં સિદ્ધ, સિદ્ધિનો માર્ગ,
સિદ્ધિમાર્ગના સાધક અને એ સાધનાને નહિ પામેલાં
સમગ્ર જીવલોકનું ગ્રહણ થઈ જાય છે.
સિદ્ધના નમસ્કારમાં અરિહંત અને જીવલોક,
આચાર્યના નમસ્કારમાં
આચાર્ય - સિદ્ધ - અરિહંત અને જીવલોક,
ઉપાધ્યાયના નમસ્કારમાં
આચાર્ય - સિદ્ધ - અરિહંત અને જીવલોક તથા
સાધુના નમસ્કારમાં
ઉપાધ્યાય - આચાર્ય - સિદ્ધ - અરિહંત
અને મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - માધ્યસ્થ્યના વિષયભૂત
સર્વ જીવલોકનું ગ્રહણ થાય. પાંચેને કરેલા નમસ્કારમાં
પાંચ પરમેષ્ઠિ અને સમગ્ર જીવલોકનું ગ્રહણ થાય છે.
એ ગ્રહણ સર્વ પાપપ્રણાશક અને
સર્વ પ્રકારના મંગળોમાં સર્વશ્રેષ્ઠ મંગળરૂપ બનીને
નમસ્કાર કરનારનું કલ્યાણ કરે છે.

સ્મરણ એવા મંત્રનું કરવું જોઈએ,
કે જેને ન આદિ હોય, ન મધ્ય હોય કે ન અંત હોય.
આવો મંત્ર કોઈ સંત મહાત્મા પાસેથી જાણી લેવો જોઈએ.
નવકારમાં નમસ્કાર, નમસ્કાર્ય, નમસ્કારકર્તા અને
ચૈતન્ય પરસામાન્ય, અપરસામાન્ય, વિશિષ્ટ ચૈતન્ય
અને શુદ્ધ ચૈતન્યનું ગ્રહણ થાય છે.
ચૈતન્ય એ પ્રકાશરૂપ અને આનંદરૂપ છે.
તે અજ્ઞાનાંધકારનાશક તથા સર્વ દુઃખ - શોકવિનાશક છે.
મારે જો પાપ અને પુણ્ય - એ બંનેને કાપવા હશે,
તો નવકાર સ્મરણથી એ ભાર ત્રણે પ્રકારે ઉતરી જાય:
પ્રભુના નામનું કેવળ રટણ નહિ પણ
મનન - સ્મરણ - ચિન્તન - ધ્યાન કરવું.
ભગવાનની જુદાઈ નહીં પણ જોડાણ,
દ્વૈત નહિ પણ અદ્વૈત - ઐક્ય - અનુસંધાન અનુભવવું.
પ્રભુનામના રટણ વડે ચિત્તની શાંતિ અને
સમતા મેળવવાનો આ અમોઘ કીમિયો છે.

## પ્રજ્ઞાના ધ્યાન બાદ સુણાતો દિવ્ય ધ્વનિ

પંચજાપ વડે જે અનાહત ધ્વનિ સંભળાય છે અને જે સંગીતમય Harmonious melody જેવો છે, તેને જ જૈન શબ્દોમાં 'દિવ્ય ધ્વનિ' કહેવામાં આવે છે. સાંભળવાની ક્રિયા થાય છે, ત્યાં શ્રુતિ તે શબ્દ-ધ્વનિ છે. અનાહતનાદ એ નિમિત્ત છે અને સાંભળનારો ઉપાદાન છે. ત્યાર પછી અવ્યક્ત પ્રકૃતિ સત્-ચિત્-આનંદ એ ત્રણેની સમાપત્તિ રૂપ આત્માનું સ્વરૂપ માત્ર રહે છે, જેને 'I am' કે અસ્મિતા માત્ર કહી શકાય. પ્રજ્ઞાના ધ્યાન બાદ આવો અનુભવ સ્વાભાવિક બને છે.

## શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ

માનવનો જન્મ પામીને કરવા લાયક કાંઈ પણ હોય, તો તે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોની ભક્તિ જ છે. બીજું જે કરવા લાયક છે, તે ભક્તિની પુષ્ટિ માટે જ છે.

### શ્રી પંચ પરમેષ્ઠિની ભક્તિ

સર્વદુઃખહર - સર્વસુખકર છે, તેમાં કારણો એ છે કે:

(૧) પાંચ વિષયોના રાગાદિ રાગ વધે છે અને
પરિણામે જીવને ઘણું દુઃખ મળે છે.
પરમેષ્ઠિ - ભગવંતો ઉપરના રાગાદિ રાગ નાશ પામે છે
અને મુક્તિસુખની શીઘ્ર પ્રાપ્તિ થાય છે.

(૨) પંચ પરમેષ્ઠિની ભક્તિ આદિ

પાંચે કારણો અનુકૂળપણે વર્તે છે. કારણોનું કારણ શ્રી
પંચપરમેષ્ઠિ ભગવંતો મહાકારણ અથવા પરમકારણ છે.
(3) શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો સ્વયં અતિમંત સુખ છે.
જેને સુખ મેળવવું હોય, તેને પરમેષ્ઠિ ભગવંતોની
ભક્તિને છોડીને અન્ય બીજું કોઈ સાધન છે નહિ.
(૪) ચંદ્રનો સ્વભાવ જેમ શીતળતાને આપવાનો છે,
સૂર્યનો સ્વાસ્થ્ય આપવાનો છે, પુષ્પનો સુગંધ આપવાનો છે,
પાણીનો તૃષા છીપાવવાનો, અન્નનો ક્ષુધા શમાવવાનો છે,
તેમ અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય તથા સાધુ,
એમ શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનો
મૂળ સ્વભાવ જ સર્વ આત્માને સુખ આપવાનો છે.

(૫) આ પંચ પરમેષ્ઠિ ભગવંતોએ જે કાંઈ આજ્ઞાઓ ફરમાવી છે, તે તમામનો હેતુ એક જ છે અને તે પંચ પરમેષ્ઠિ ભગવંતોને હૃદયમાં સ્થિર કરવા તે છે.

સર્વ પ્રકારનાં (સમ્યગ્) જ્ઞાન અને
સર્વ પ્રકારની (સમ્યક્) ક્રિયાઓનો હેતુ

આ પંચ પરમેષ્ઠિ ભગવંતોને આત્મસાત્ કરવાનો છે. તે જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે અને એ જ ક્રિયા તે સમ્યક્ક્રિયા છે કે જે જીવને પરમેષ્ઠિમય બનાવે.

(૬) સમાધિ વિના જીવવું નકામું છે, તેથી સમાધિને ટકાવવા માટે અને સમાધિ આવ્યા બાદ સહજસુખની પ્રાપ્તિ માટે નિરંતર આ પંચ પરમેષ્ઠિ ભગવંતોમાં મગ્ન બનવા માટે સતત પ્રયત્નશીલ બનતાં રહેવું જોઈએ.

(૭) આ પંચ પરમેષ્ઠિ ભગવંતોના ધ્યાનથી સર્વ ઈચ્છિત પ્રાપ્ત થાય છે, મુક્તિ મળે છે. સાચા હૃદયથી આવી પ્રાર્થના કરનારને સન્માર્ગની તુરંત પ્રાપ્તિ થાય છે કે:

'હે ભગવંતો! મને સાચો માર્ગ બતાવો!'

(a) નમસ્કાર એ પૂજ્યનો છે, કેમકે તે પૂજ્યની પ્રતીતિ કરાવે છે. જેમ ઘટનું રૂપ ઘટની પ્રતીતિ કરાવે છે, માટે ઘટનો ધર્મ કહેવાય છે, તેમ અરિહંતાદિનો નમસ્કાર અરિહંતાદિની પ્રતીતિ કરાવે છે, માટે તેમનો ધર્મ છે.

(b) નમસ્કારનો પરિણામ નમસ્કાર્યનું નિમિત્ત પામીને ઉત્પન્ન થાય છે, માટે નમસ્કાર્યનો છે. ઘટના નિમિત્તે ઉત્પન્ન થતું ઘટજ્ઞાન જે ઘટઅભિધાન એ જેમ ઘટનું છે, તેમ નમસ્કાર્યના નિમિત્તે થતો નમસ્કારનો પરિણામ પણ નમસ્કાર્યનો જ પર્યાય છે.

(c) નમસ્કાર કરનાર નમસ્કાર્યનું દાસત્વ પામે છે, તેથી તેના ઉપર અધિકાર નમસ્કાર્યનો છે, કિન્તુ નમસ્કાર કરનારનો નહિ.

મારા દાસે ખર ખરીદ્યો, તેમાં દાસ અને ખર - ઉભય તેના સ્વામીના છે, તેમ ખરના સ્થાને નમસ્કાર અને દાસના સ્થાને તેનો કરનાર બંને પૂજ્ય અર્હદાદિના જ છે.

આ મત નૈગમ - વ્યવહારનો છે.

સંગ્રહનો મત લઈને સ્વીકારતો નથી, તેથી
તેના મતે જીવસામાન્યનો નમસ્કાર છે.
સંગ્રહનયના મતે ષષ્ઠી વિભક્તિ નિર્દિષ્ટ ભિન્નાધિકરણ
છે જ નહિ, કિન્તુ સમાનાધિકરણ જ છે, તેથી
સત્તાસામાન્યરૂપે એક જ નમસ્કારને તે માને છે.
ઋજુસૂત્રનય એ નમસ્કારને
નમસ્કાર્યનો નહિ પણ નમસ્કારકર્તાનો માને છે.

3 પ્રકારનો નમસ્કાર : જ્ઞાનરૂપ, શબ્દરૂપ તથા ક્રિયારૂપ.

જ્ઞાનરૂપ નમસ્કાર જીવથી અભિન્ન છે,
તેથી અન્યનો ન હોઈ શકે.
શબ્દરૂપ અને ક્રિયારૂપ નમસ્કાર પણ ફળ આપે છે.
નમસ્કારનું અનંતર ફળ પરિણામની વિશુદ્ધિ અને
નમસ્કારનું પરંપર ફળ સ્વર્ગાપવર્ગાદિની પ્રાપ્તિ છે.
તે ફળ પૂજકને પ્રાપ્ત થાય છે, માટે
નમસ્કાર પૂજકનો છે, પૂજ્યનો નહિ.
તે કરનારને આધીન છે, કરનારના ગુણરૂપ છે.

## એક વારંવાર પૂછાતો પ્રશ્ન

માત્ર નમસ્કાર મહામંત્રને જ ધારણ કરનાર શ્રાવક
સાધર્મિક બંધુ ગણાય કે કેમ?

એ પ્રશ્નનો ઉત્તર નીચે મુજબ છે:

શ્રી માનદેવસૂરીશ્વરજી પોતાની રચના
'સાધર્મિક વાત્સલ્ય કુલક'માં ફરમાવે છે કે:

તમ્હા સવ્વપયત્તેણ જો નમુક્કારધારઓ।
સાવઓ સોઽવિ દટ્ઠવ્વો જહા પરમબાંધવો॥ અર્થાત:
જે નવકાર મંત્રને ધારણ કરે છે, તે શ્રાવકને પણ
પરમ બંધુ તરીકે ગણવો જ જોઈએ. તેની સાથે ક્લેશ-
કંકાસાદિ કરવાથી પણ મહાન પાપબંધ થાય છે અને
'પ્રભુના શાસનની આશાતના કરી' એમ કહી શકાય છે.

નવકાર કરે ભવપાર, છે શાસનનો સાર, ૨૪ પ્રભુનો ઉદ્ધાર;
જેના મનમાં છે નવકાર, તેને શું કરે સંસાર?

અર્થાત જેના મનમાં શ્રી નવકાર મહામંત્ર રમે છે,
તેને આ અસાર સંસાર પણ સારરૂપ બની જાય છે.

સંસારની અસારતા પણ તેને માટે સારભૂતતા બની જાય છે,
તેથી નમસ્કાર મંત્રના ધારકને પણ
હૃદયમાં પરમ બંધુની જેમ સ્થાપન કરવા જોઈએ.
પરિણામની શુદ્ધિ માટે ચૌદ પૂર્વધરોએ પણ
ચૌદ પૂર્વનું રટન કરી કરીને મનને વાળવાનું છે.
'તન્નમઃ ઇત્યુપાસીત ।'
નવકાર મંત્રમાં જેમ ઉપાસના કરનાર નવકારમય છે,
તેમ ઉપાસ્યતત્ત્વ પણ નમસ્કારમય છે.
આત્મતત્ત્વમાં પરિણમન એ જ ઉપાસ્ય છે અને
ઉપાસના છે અને ઉપાસક પણ તેનું જ નામ છે.
એ રીતે ઉપાસ્ય, ઉપાસના અને ઉપાસક -
એ ત્રણેની એકતા શ્રી નવકાર મંત્રમાં રહેલી છે.
ઉપાસ્ય, ઉપાસના અને ઉપાસક નમસ્કારમય છે.
સૂત્રથી, અર્થથી અને તદુભયથી
સર્વ શ્રુત શ્રી નવકાર શ્રુતમાં રહેલું છે અને
શ્રી નવકાર આત્મતત્ત્વના પરિણમનમાં રહેલો છે.

આત્મતત્ત્વનું પરિજ્ઞાન એ જ પરમાર્થ નમસ્કાર છે.
એ નમસ્કારમાં જ્ઞાન ક્રિયા સહિત
નમસ્કારને ગણનાર, ગણાવનાર અને અનુમોદનાર -
એમ સર્વનો સંગ્રહ થઈ જાય છે.
અર્થચિંતન અને તેનું પરિજ્ઞાન - એ બંને
અંતે નમસ્કાર અને તેના સૂત્રમાં સમાઈ જાય છે.
અભ્યંતરતપમાં સ્વાધ્યાય તે જપ,
ધ્યાન તે યોગ છે. મંત્રજપ અને તેના અર્થનું ધ્યાન
સમ્યક્ત્વમાં અસાધારણ કારણ બને છે.
નવપદનું ધ્યાન ધરવાથી પોતાના આત્માનું સ્વાભાવિક
સ્ફટિક રત્ન જેવું નિર્મળ રૂપ પ્રકાશમાં આવે છે.
શાસ્ત્ર જ્યારે નામજપ કરવાનું કહે છે,
ત્યારે જે તમારું શુદ્ધ સ્વરૂપ છે,
જે પરમાત્મસ્વરૂપ છે, તેનું જ નામ લેવાનું તે કહે છે.
નિર્વિકલ્પ સમાધિ એટલે...
પરમાત્મામાં એકરૂપ થઈ ઓગળી જવું.

## મંત્રજાપ એટલે સ્વયં પ્રભુનું નામ.

'પ્રભુ પોતે અને તેનું નામ એ બે અલગ વસ્તુ નથી' એમ પ્રથમ વ્યક્તિએ સમજાય છે, પછી ઈશ્વર સાથેની આપણી એકતાનો અનુભવ થાય છે. મંત્રજાપ વખતે સૌ પ્રથમ નામમંત્રના અવાજ ઉપર એકાગ્ર થવા પ્રયત્ન કરવો જોઈએ. નામનો એ ધ્વનિ મનને અંદરથી શાંત કરી દે છે અને ગંભીર બનાવે છે. પછી મન ચૈતન્યસ્વરૂપમાં ઓગળી જાય છે અને પોતાની અંદર રહેલ ઈશ્વરની સત્તાનું ભાન કરાવે છે. એ પછી જ 'પોતે ઈશ્વર સાથે એકરૂપ થયો છે' એવો અનુભવ થાય છે. પ્રભુ અને એના આપ્તવચનમાં દૃઢ શ્રદ્ધા કેળવવી જોઈએ. 'દરેક સ્થળે પ્રભુ વસેલા છે અને આપણે તેની હાજરી અનુભવી શકીએ છીએ' એમ જ્યાં સુધી આપણે અંતિમ ધ્યેયને પહોંચીએ નહિ, ત્યાં સુધી જરા પણ માર્ગમાંથી ચલિત થયા વગર નિષ્ઠાપૂર્વક ભક્તિના માર્ગે એકધારું ચાલ્યા જવું જોઈએ.

આ ધ્યેય એટલે ઈશ્વર સાથેની એકતા કે વીર પ્રભુના
પ્રકાશથી આપણે ધન્ય, પવિત્ર, સુંદર બની શકીએ. જીવનનું
આ સર્વોત્તમ, સર્વથી ઉમદા અને સર્વથી ઊંચું ધ્યેય છે.
'સર્વસિદ્ધિં સમરેન્મંત્રં ।' આ મંત્ર છે. તેની ઉપાસનાથી
પોતે સર્વસિદ્ધ બન્યાં હોય, એમ સંભવે છે.

'ॐ श्रीँ ह्रीँ अर्हं नमः ।'

ઉપાસકોને માટે ઈશ્વરનું કાર્ય પણ અરિહંતો કરે છે.

ત્રિભુવનનાં સ્વામી

ત્રિભુવનનાં દુઃખો દૂર કરે, રોગ-શોક હરે.
'લોગ નાહાણં ।' પદથી અપેક્ષિત સઘળું કાર્ય કરે તે નાથ.
'ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાનમ્ ।' પદથી અપેક્ષિત હોય,
શાંતિના અર્થીઓ માટે અરિહંતોની શુદ્ધતા અને
બાળકોને બાળ વસ્તુઓ અપેક્ષિત હોય,
તેમ તે વસ્તુઓ ઉપર ધ્યાન આપી અને
એ બધાનો સમાવેશ અર્હંતની ઉપાસનામાં થતો હોય.
મુખ્ય લક્ષ્ય મુક્તિનું રહે.

નવકાર મંત્રના જાપ એ
તીર્થજળનું સેવન અને પરમાન્નનું ભક્ષણ -
ઉભય કાર્યને એક સાથે કરાવે છે.
તેથી તે વિષયતૃષા, કષાયદાહ અને કર્મમલને હરનાર
તથા કષાયક્ષુધાને નિવારનાર, આત્મસુખમાં સંતોષ
અને આત્મબળને વિકસાવનાર થાય છે.
પરમાન્ન ભક્ષણ જેમ ક્ષુધાવેદનાનું શમન કરે છે,
ચિત્તને તુષ્ટિ તથા દેહને પુષ્ટિ આપે છે,
તેમ શ્રી નવકાર મંત્રનું આરાધન
કષાયક્ષુધાજનિત પીડાનું શમન કરનારું,
ચિત્તને શાંતિ આપનારું તથા
આત્માના જ્ઞાનાદિ ગુણોને પુષ્ટિ કરનારું થાય છે.
મૂર્તિની જેમ નામ પણ ઈશ્વરનું સ્વરૂપ છે. કૃત્રિમ
પ્રતીક નથી, પ્રભુની પોતાની બરોબરની અભિવ્યક્તિ છે.
પ્રથમ મૂર્તિ, પછી નામ અને ત્યારબાદ
પ્રકાશરૂપે ઈશ્વર ઉપરની એકાગ્રતા છે.

'ઈશ્વર' એટલે સર્વવ્યાપી, સર્વમાં રહેલ,
સર્વજ્ઞ અને સર્વશક્તિમાન સત્તા અર્થાત્ સચ્ચિદાનંદ.
તે અનંત પ્રેમ, દયા, કરુણા અને કલ્યાણકર-સ્વરૂપ છે,
પિતા, માતા અને મિત્ર છે, એકમાત્ર આશ્રયસ્થાન છે.
એકાગ્ર મનથી ઈશ્વરનાં આ લક્ષણો અને ગુણો તરફ
ધ્યાન આપીએ છીએ અને આધાર રાખીએ છીએ,
ત્યારે બધા અનિચ્છનીય વિચારો અદૃશ્ય થાય છે
અને તેને સ્થાને સમતા અને શાંતિ આવી વસે છે.
'એકાકાર થવું' એટલે માનસિક શાંતિને પ્રાપ્ત કરવી.
એકાકાર થવું = દૈવી આનંદ - પ્રકાશથી ભરપૂર થવું.
પવિત્ર, શાંત મન જ સર્વવ્યાપી સમષ્ટિના આત્મારૂપ છે.
સમગ્ર સૃષ્ટિ એ પ્રભુની અભિવ્યક્તિ છે અને તેથી
જે કાંઈ કરીએ છીએ, તે પ્રભુભક્તિ અને પ્રભુની સેવા છે.
સેવા મનને પવિત્ર અને હૃદયને પ્રકાશિત બનાવે છે.
સેવાનો હેતુ આપણે જેની સેવા કરીએ છીએ,
તેને રાહત આપવાનો છે, એમ નમસ્કારનું કહેવું છે.

આપણું મુખ આપણે જેની સેવા કરીએ છીએ,
તેના મુખમાં રહેલું છે.

<u>બ્રહ્મનું પ્રારંભમાં ઓંકાર શબ્દસ્વરૂપે હોવું:</u>

મનની એકાગ્રતામાં સહાયરૂપ થવામાં અને
પરબ્રહ્મ - પરમાત્માના સાક્ષાત્કાર પ્રત્યે દોરી જવામાં
ઓંકાર એ પ્રભુનું સર્વથી નિકટનું પ્રતીક છે.
બ્રહ્મ પોતે શબ્દથી પર છે, છતાં
તેને શબ્દ દ્વારા જ પામી શકાય છે.
જે શબ્દ સાંભળીએ છીએ, તે અનંત શાંતિ અથવા
પરમ મૌનમાંથી ઉત્પન્ન થયેલા છે.
શબ્દોચ્ચાર રૂપે મંત્ર જપીએ છીએ, ત્યારે
તેમાંથી ઉત્પન્ન થતાં ધ્વનિ સાથે એકરૂપ થઈએ છીએ
અને ધ્વનિ દ્વારા આપણી અંદર રહેલ
શુદ્ધ શાંતિ કે મૌનમાં આપણે પ્રવેશ કરીએ છીએ.
જેમ નાવ વડે સાગરમાં પ્રવેશ કરવો સુલભ છે, તેમ
ઉચ્ચારણ વડે ઉચ્ચારરહિતતામાં પ્રવેશ કરવો સુલભ છે.

Imp

## નવકારનો અ-ક્ષર પરિવાર

નવકારના ૬૮ અક્ષરો એ ૬૮ તીર્થસ્વરૂપ છે.
નવકારના ૯ પદો એ ૯ ગ્રહોની પીડાને શમાવે છે.
તેની ૮ સંપદાઓ ૮ કર્મ ઉપર વિજય અપાવે છે.
નવકારના ૭ જોડાક્ષરો ૭ લબ્ધિ સ્ફુરણા કરે છે.
મૂળમંત્રના પાંચ પદો પંચમ ગતિ - મોક્ષ આપે છે
અને ચૂલિકાના ૪ પદો ચારે ગતિનો છેદ કરે છે.
નવકારના આરાધકને જીવન જીવવાની કળા અને
આત્મદર્શન પ્રાપ્ત કરવાનું વિજ્ઞાન સિદ્ધ થાય છે.

આકાશમાં જેમ બે અવકાશયાનો મળે છે,
તેમ નવકારથી આત્માનું ઉર્ધ્વગમન થઈને
વિશ્વચૈતન્ય સાથે મળવાનું થાય છે.

Namaskar is an art of living and a Science of being. Navkar is rendezvous with (રેન્ડેવુ) Cosmic order.

આ નવકાર મંત્રને લોકોત્તર મંત્ર બનાવનાર
આ પંચ પરમેષ્ઠિઓ સંબંધી યથાર્થ જ્ઞાન અને
નિશ્ચય - વ્યવહાર સંબંધી યથાર્થ બોધ છે.
એ બેમાંથી એકનું પણ અજ્ઞાન
નમસ્કારને લૌકિક નમસ્કાર બનાવે છે.
એ જ્ઞાન પોતાને હોય યા મંત્રપ્રદાતા ગુરુને હોય.
બંનેમાંથી એકને ન હોય, તો ન ચાલે.
મોક્ષની ઇચ્છા એટલે આજ્ઞાપાલનનો અધ્યવસાય. તે
સ્વચ્છંદતાથી મુક્તિ અપાવી સકલ કર્મનિર્મોક્ષ કરાવે છે.
નમસ્કારની પરિણતિ એ ચૌદ પૂર્વનો સાર છે.
નવકાર મંત્ર = Wisdom of all scriptures.
આજ્ઞાના અસ્વીકારમાં અહંકાર છે અને
આજ્ઞાપાલનના અધ્યવસાયમાં નમસ્કાર છે, તેથી
નમસ્કાર એ જ સર્વ ધર્મનું મૂળ છે. જીવને મળેલ
ઇચ્છાસ્વાતંત્ર્યના અનર્થથી બચવા એકનું એક સાધન
નમસ્કારની પરિણતિ અર્થાત્ આજ્ઞાપાલનની રુચિ છે.

તીર્થને નમસ્કાર = ગુણવત્પારતંત્ર્ય = મુક્તિનો ઉપાય છે.

તીર્થ નમસ્કાર એ મોક્ષનું બીજ છે.

અરિહંતના નમસ્કારમાં અરિહંતની આજ્ઞાને નમસ્કાર છે.
આજ્ઞા જ તારનારી છે, તેથી તેને 'તીર્થ' પણ કહે છે.
ગુરુઆજ્ઞા પણ તીર્થંકરોની આજ્ઞાના આરાધન માટે છે.

માતા - પિતાદિ વડીલજનોની આજ્ઞા પણ
પરમાત્માની આજ્ઞાના ફળરૂપે માનવાની છે.

નવકારના પ્રથમ પાંચ પદમાં તીર્થને નમસ્કાર છે,
છેલ્લા ૪ પદમાં એ નમસ્કાર વડે થતી તત્ત્વની શુદ્ધિનો
નિર્દેશ છે. તત્ત્વ એ નમસ્કારકર્તાનો આત્મા છે. તે તીર્થને
ભાવથી નમે છે, ત્યારે તે જ સમયે તેની શુદ્ધિ થાય છે.

એ શુદ્ધિનું જ બીજું નામ

પાપનો સમૂળ નાશ અને સર્વોત્કૃષ્ટ મંગળનું આગમન.
જીવ જ્યારે પોતાને મળેલી સ્વતંત્રતાનો ઉપયોગ
કૃતજ્ઞતા દર્શાવવાને માટે કરે છે, ત્યારે તે જ વખતે
તેની શુદ્ધિનો મંગળ પ્રારંભ થાય છે.

Imp

## આપણું અંતઃકરણ એટલે...

મન - બુદ્ધિને તદ્દન શાંત કરીને આત્મામાં આત્માથી થતો જાપ અને તેનું શ્રવણ પછી જ્યોતિદર્શન. જ્યોતિમાં અભેદપ્રણિધાન એટલે સંપૂર્ણ સમતાપૂર્વક એક અક્ષરનું બિંદુધ્યાન. શાંત - ચિત્ત થવાથી અનાહતનું સંગીત સંભળાય, બાદ ચૈતન્ય સાથેનો અભેદ વધુ સમય રહે છે, જ્યોતિના પ્રકાશમાં ષટ્ચક્રોનું દર્શન થાય છે.

*The joy of giving in life is one of the greatest joys in life.*

એ સ્થિતિ પછી કોઈપણ અવસ્થામાં દુઃખ અથવા સુખ જેવું રહેતું નથી. આંતરિક સાધનામાં નિર્વિકલ્પદશાના અભ્યાસની પૌડીવરની પછી તે સ્થિતિ આંતરિક દશામાં અપૂર્વ વેગ આપે છે.

## મંત્રસિદ્ધિના ત્રણ કારણો

આગ્રહ, વિશ્વાસયુક્ત અને ચૈતન્યભાવના - મંત્રસિદ્ધિમાં અસરકારી કારણ છે.

નમસ્કાર મંત્ર સર્વ પાપનો નાશ કરે છે. બધા પાપનું મૂળ આર્ત - રૌદ્રધ્યાન તથા તેનું મૂળ ઇચ્છાઓનો વ્યાઘાત છે.

નમસ્કાર મંત્ર ઇચ્છાજનિત રૌદ્રધ્યાનરૂપી
પાપનો નાશ કરી સર્વ મંગળમાં પહેલું મંગળ બને છે.
તેમાં ઇચ્છારહિત વીતરાગ પુરુષોને વંદન છે તથા
મૂર્છારહિત નિર્ગ્રન્થ પુરુષોને વંદન છે.

નવકાર પ્રત્યેની પ્રીતિ - ભક્તિ

ઠેઠ સ્વરૂપભાન સુધી ટૂંક સમયમાં લઈ જઈ શકે છે,
એ પંચપરમેષ્ઠિઓનો કેટલો મહાન ઉપકાર છે !

વૃત્તિમાંથી વૃત્તમાં, વૃત્તમાંથી જ્યામાં, જ્યામાંથી કેન્દ્ર
અથવા બિંદુમાં લઈ જાય, તે નમઃ પદ છે.

નમઃ પદથી અર્થાત્ નમો મંત્ર વડે સાધ્ય સધાય છે.
મનનો સંબંધ દેહ - પ્રપંચ સાથે હતો, તે છોડીને કેન્દ્ર - આત્મા સાથે કરાવવો, તે 'નમો' મંત્રનું પ્રયોજન છે.
માટે જ કહ્યું છે કે : નમઃ ઇતિ પ્રણિપાતેન નિવૃત્તિઃ ।

- જપસૂત્ર, ભાગ - ૨

અરિહંતાદિ પરમેષ્ઠિઓને વ્યવહાર - નિશ્ચયથી
સમજી તેમને દ્રવ્ય - ભાવનમસ્કાર કરવાથી
સર્વ પાપનો નાશ અને સર્વ મંગળોનો લાભ થાય છે.

નમસ્કારના પરિણામને પામેલો આત્મા -
તે જ નિશ્ચય નમસ્કાર અર્થાત્ દ્વાદશાંગનો સાર છે.
તે પરિણામની પ્રાપ્તિ નામાદિ નિક્ષેપો વડે અરિહંતાદિ
પરમેષ્ઠિઓને સમજી તેઓનું ધ્યાન કરવાથી થાય છે.

નામથી ભાષ્ય - ઉપાંશુ - માનસ જાપ થાય છે.
આકૃતિ વડે પદાર્થ - વાક્યાર્થ આદિનું ચિન્તન થાય છે,
દ્રવ્યનિક્ષેપ વડે તત્ત્વનું જ્ઞાન થાય છે અને
ભાવનિક્ષેપ વડે સ્વરૂપનો બોધ થાય છે.

એ રીતે વ્યવહારનયથી ચારે નિક્ષેપાનું ધ્યાન એ
નિશ્ચય નમસ્કારની પ્રાપ્તિનું મુખ્ય સાધન બને છે.

પ્રભુનું નામ એટલે આખું અર્થાત્ સમગ્ર વાઙ્મય.
સમસ્ત વિજ્ઞાન એટલે ઈશ્વરની શોધ કરનારું વિજ્ઞાન.
પ્રભુનું રૂપ = સૃષ્ટિ. પ્રભુદર્શન = અધ્યાત્મ - તત્ત્વજ્ઞાન.

# સર્વ મંગળોમાં પ્રધાન મંગળ

ઈચ્છા અને મૂર્છારહિત થવાની અભિલાષાથી ઈચ્છા - મૂર્છારહિત થયેલાં પુરુષો પ્રત્યે પૂજ્યભાવ પ્રગટાવનાર નમસ્કાર મંત્ર ઈચ્છા અને મૂર્છાજનિત અશુભ ધ્યાનોનો નાશ કરી પ્રશસ્ત ઈચ્છાઓ અને પ્રશસ્ત ભાવનાઓ પ્રગટાવે છે અને તે જ્યારે પ્રકર્ષપણાને પ્રાપ્ત થાય છે, ત્યારે સર્વ મંગળોમાં પ્રધાન મંગળનો લાભ થાય છે.

નાદનો જેટલો મહિમા છે,
એટલો જ નાદ પછી પથરાતી શાંતિનો મહિમા છે.

જ્યાં સુધી કોઈ અવાજ પ્રગટ્યો જ ન હોય, એવા સ્થળની શાંતિ કરતાં અવાજ પછીની શાંતિ ઘણી ઊંડી હોય છે.

પહેલાં જ્યાં માત્ર અવકાશ હોય,
ત્યાં શબ્દ થયાં પછી આકૃતિ
શબ્દનો ધ્વનિ વિલીન થયાં પછીથી મૌન સર્જાય છે.
મૌનમાં અગાઉ બોલાયેલા શબ્દો
એના ધ્વનિ વિના પણ તરી રહ્યા હોય છે.

ભગવાનનું નામ તે ભગવાન પોતે છે. જિહ્વા ઉપર તે આવે, તેની સાથે જ ભગવાનના ગુણો : કરુણા, દયા, પ્રેમ, અહિંસા, અસ્તેયાદિ આપણી અંદર આવે છે. મુખમાં નામની સાથે જ 'હું પવિત્ર છું' એ ભાન થવું જોઈએ. નામ તથા નામી - તે બન્ને એક જ છે. નામજપની સાથે 'ભગવાન હૃદયમાં આવી રહ્યાં છે, તેમની ઝાંખી હૃદયમાં થઈ રહી છે' એમ લાગવું જોઈએ. 'પ્રભુનું નામ સર્વશક્તિમાન છે' એ વિશ્વાસ ઉપર નિર્ભર અને નિર્ભયપણે રહેવું જોઈએ. ભગવાનની શરણાગતિ મળવામાં ભગવાનની અહૈતુકી કૃપા કારણ છે. નિન્દા - સ્તુતિ, માનાપમાન નામરૂપના છે, આત્માના નહિ. એથી આત્માને કાંઈ લાભ કે હાનિ થતી નથી. પ્રભુસેવક વિષયનો ગુલામ બનતો નથી, અહંકાર - મમકાર કરતો નથી. અનુકૂળ વિષય ન મળવાથી ચિત્તમાં જે ક્ષોભ થાય છે, તે વિષયની ગુલામી સૂચવે છે. પ્રભુ માટે જે રુદન કરે, તેને જગત અને તેના પદાર્થો માટે રોવું મટી જાય છે.

પોષ, સં.૨૦૨૭, ૨૯-૧૨-૭૦, મૂછાળા મહાવીર, સોમવાર

શ્રી નમસ્કાર મહામંત્રનાં ૯ પદ

'વિષયો વિષવત્ ભાસે છે'

એમ સમજાવનાર નવકાર મંત્રના પ્રથમ પાંચ પદો છે.

'કષાયો કસાઈની જેમ ઘાતકી, નિર્દય અને ક્રૂર છે'

એમ સમજાવનાર ચૂલિકાના ચાર પદો છે.

પ્રથમ પાંચ પદોમાં પાંચ ગુરુઓને નમસ્કાર કર્યા પછી

ગુરુ, મંત્ર અને દેવતા તથા

આત્મા - મન - પવનની એકતા જણાવનાર છઠ્ઠું પદ છે.

તેનું ફળ અંતરાત્મભાવ અને

તે દ્વારા વિષય - કષાયરૂપી, રાગ - દ્વેષરૂપી અને

અહં - મમ દ્વારા ઉત્પન્ન થતાં અસત્

સંકલ્પ - વિકલ્પોરૂપી પાપનો નિર્મૂળ નાશ થાય છે

અને સર્વ મંગળોમાં શ્રેષ્ઠ એવું

નિર્મળ આત્મસ્વરૂપ - તેનો લાભ થાય છે.

આ ગુરુમંત્રનો ફલાદેશ છે.

## નવકારનું અભિધેય અને પ્રયોજન

પુણ્યની ઉત્પત્તિ વડે પાપનો નાશ - એ નવકારમંત્રની રચનાની વિશેષતા છે. અશરણોનું શરણ છોડી શરણ્યનું શરણ સ્વીકારવું અને આજ સુધી તેનો સ્વીકાર ન કરવાના પ્રાયશ્ચિત્તને કરવું તથા સ્વીકાર કરનારા સર્વને વખાણવું, તે પરિપૂર્ણ નવકારનું અભિધેય અને પ્રયોજન છે. એમાં મંગળ અને અધિકારીનું પણ ગ્રહણ થઈ જાય છે. અધિકારી = પુણ્ય વડે પાપનાશ. મંગળ = નમસ્કાર.

પ્રથમ મંગળ એ

ચૈતન્ય પ્રત્યે અનુકૂળતાના પરિણામની ઉત્પત્તિ છે.

### અરિહંતાદિના ગુણોનો વિચાર

અરિહંતનો શમ - ઔદાર્ય

સિદ્ધનો સંવેગ - દાક્ષિણ્ય

આચાર્યનો નિર્વેદ - પાપજુગુપ્સા

ઉપાધ્યાયની કરુણા - નિર્મળ બોધ

સાધુની શ્રદ્ધા - જનપ્રિયત્વાદિ.

નમસ્કાર કરતાં રોજ આમ થવું જોઈએ કે:

હિંસા - કષાય - વિષયાદિનો ત્યાગ કરી
અહિંસા - સંયમ - અકષાયભાવ અને સમતાભાવ વડે
આત્મહિત - શ્રેય - કલ્યાણકર સંયમ ક્યારે ગ્રહણ કરું?
જ્ઞાન - ધ્યાન દ્વારા ઉપાધ્યાય પદ,
અતિશય જ્ઞાન અને ઉત્કૃષ્ટ ચારિત્ર દ્વારા આચાર્ય પદ,
રાગ-દ્વેષના ક્ષય દ્વારા અરિહંત પદ અને
સકલ કર્મના નાશ દ્વારા સિદ્ધ પદ ક્યારે પ્રાપ્ત કરું?

'અરિહંતો' નામાદિ વડે આલંબન રૂપ છે.
ઉપદેશ તેમની 'કર્મકાય' અવસ્થાને સૂચવે છે.
ચાર આલંબનો: જિનના નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ
ભવસાગર તરવાનાં આલંબનો છે. જેમ ઉપદેશ વડે
પ્રભુ તારનારા છે, તેમ નામાદિ વડે ય પ્રભુ તારનારા છે.
આ તેમની 'તત્ત્વકાય' અવસ્થાને સૂચવે છે.
પ્રભુ તરેલા હોવાથી જિનના દ્રવ્યાદિ તારનારા બને છે.
આમ આદર્શ, ઉપદેશ અને આલંબનથી સૌને તારે છે.

નાદબ્રહ્મને સાધન થઈને શીઘ્રપણે ઉત્ક્રાંતિ કરવાનું સબળ સાધન મંત્ર છે. મંત્રમાં શબ્દશક્તિ નિહિત છે. મંત્રપદોની વિવિધ રચનાથી વિવિધ શક્તિઓ આવે છે.

મંત્રશક્તિનો આશ્રય લેવાથી જે કાર્ય
દીર્ઘકાળે થવાનું હોય, તે શીઘ્રપણે થાય છે.

નમસ્કાર મંત્રની રચના જ એવા પ્રકારની થયેલી છે કે તેના પદોનો વિધિયુક્ત આશ્રય લઈને જે મુમુક્ષુ તેનું ભાવથી સ્મરણ કરે છે, તેને નાદબ્રહ્મની સહાયથી જ્યોતિબ્રહ્મમાં પહોંચવું અતિશય જ સરળ થઈ પડે છે.

આગમની ભાષામાં કર્મલિપ્ત જીવને કર્મક્ષય કરવાનું અમોઘ સાધન નમસ્કાર મંત્ર બને છે, કારણ કે તેમાં 'અક્ષરોના સંયોગોની વિશિષ્ટ પ્રકારની રચના રહેલી છે' એમ મહર્ષિઓએ જ્ઞાનથી જોઈને તેને સકળ પાપકર્મોના ક્ષયમાં અને સર્વ પ્રકારના પુણ્યકર્મના ઉપાર્જનમાં પરમ સહાયક માનેલો છે. એવી રચના અન્ય કોઈ પ્રકારના મંત્રમાં થઈ શકતી નથી કે જેથી શીઘ્ર કર્મક્ષય થાય.

## નાદબ્રહ્મ 'અર્હં' સ્વરૂપ છે અને

'અર્હં'ની સૌથી નિકટ પંચમંગળ છે, કેમકે તે 'અર્હં'ની જ પાંચ પ્રકાર અવસ્થાઓ હોવાથી તેનું સ્મરણ તે 'અર્હં'નું જ સ્મરણ છે. 'અર્હં'માં રહેલું આર્હંત્ય અનાદિનિધન છે અને તે પ્રવાહથી અરિહંતોના આત્મદ્રવ્યો દ્વારા વહન થયાં કરે છે. વિશ્વ ગતિમય છે અને તે ગતિ અરિહંતોના સંકલ્પ રૂપ નાદબ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ છે. તેમનો સંકલ્પ સર્વ જીવવિષયક અને સર્વોત્કૃષ્ટ કલ્યાણરૂપ હોવાથી જીવોને ઉર્ધ્વગમનની ગતિમાં સતત પ્રેર્યા કરે છે. 'નમો' પદથી તેને અનુકૂળ થવાનો સંકેત મળ્યાં કરે છે.

'નમો' એટલે અનુકૂળ થવાની વૃત્તિ.

નાદબ્રહ્મની જે સહજગતિ થઈ રહી છે, તેમાં એ વૃત્તિ ભળી અપરિશ્રમથી - અનાયાસપણે જ્યોતિબ્રહ્મમાં ભળી જાય છે. 'અર્હં' એ શુદ્ધાત્માનું સ્વરૂપ છે. પાપનો પ્રણાશ એ ચૈતન્ય પ્રત્યે પ્રતિકૂળતાના પરિણામનો વિનાશ છે. નામજપ અર્થ માટે નથી, ત્યાં શબ્દની પોતાની જ કિંમત છે.

## મૂર્છારહિત તે નિર્ગ્રંથ સમજવા અને
## ઇચ્છારહિત તે વીતરાગ સમજવા.

મન, મંત્ર અને પ્રાણ સાથે નવપદનું સ્મરણ કરવું. કેવળ કુંભકમાં ગણવા ચાલુ થાય તો ૨૦ નવકાર ગણવા અન્યથા ૧૦ કે ૧૨ નવકાર ગણવા જો કુંભક રહે, તો આપણી નિદ્રા તથા આળસ ઓછા થાય ઉપરાંત ચિત્તની પ્રસન્નતા અને સ્થિરતા વધે.

## નવકાર એ નવમું પુણ્ય

પુણ્યતત્ત્વ જીવને બીજા જીવોની નજીક લાવે છે, પાપતત્ત્વ જીવની નિકટતાથી છોડાવી દૂર-દૂર લઈ જાય છે અને પરપુદ્ગલતત્ત્વની નજીક લઈ જાય છે.

પરપુદ્ગલના સંગથી છૂટવા માટે અને જીવદ્રવ્યના સંગમાં આવવા માટે જ આપણે શાસ્ત્રમાં બતાવેલા નવ પ્રકારના પુણ્યને આપણા જીવનમાં ઉતારવાની જરૂર પડે છે.

નવકાર એ નવમું પુણ્ય છે.

## નવકારમાં છ દ્રવ્ય

ધર્માસ્તિકાય = અરિહંત - વિશિષ્ટ ગતિ.

અધર્માસ્તિકાય = સિદ્ધ - વિશિષ્ટ સ્થિતિ.

આકાશાસ્તિકાય = આચાર્ય - લોકાલોકવ્યાપી અવગાહન.

પુદ્ગલાસ્તિકાય = ઉપાધ્યાય - સૂત્રસિદ્ધાંત.

કાલદ્રવ્ય = સાધુ - વિશિષ્ટ પર્યાયગમન.

જીવાસ્તિકાય = ચૂલિકા - આત્મતત્ત્વની સાથે સંબંધ.

## નવકારમાં ત્રણ ગઢ

| | | | |
|---|---|---|---|
| તાણં | = કાયા | - રૂપાનો ગઢ | સોનાના કાંગરા |
| અરિહં | = વચન | - સોનાનો ગઢ | રત્નના કાંગરા |
| નમો | = મન | - રત્નનો ગઢ | મણિના કાંગરા. |

## નવકારમાં પાંચ સ્વાધ્યાય

ધર્મકથા - અરિહંત, અનુપ્રેક્ષા - સિદ્ધ,
પરાવર્તના - આચાર્ય, પૃચ્છના - ઉપાધ્યાય, વાંચના - સાધુ.

આ નમસ્કાર મહામંત્ર એ સ્વદ્રવ્ય - ગુણ - પર્યાય પ્રત્યે આપણને દિન - રાત સજાગ કરે છે.

ધીમે - ધીમે નવકાર મંત્રના જાપની સંખ્યા વધતાં એ સજાગતાનું પ્રમાણ એટલું વધારી દે છે કે તે સ્વજાગૃતિ જ પછી સ્વરમણતા બની જાય છે.

## નવકારમાં ત્રણ ગુણ

વિઘ્નોપશામિની ગુણ = પ્રથમ પાંચ પદ.

અભ્યુદયસાધની ગુણ = છઠ્ઠું - સાતમું પદ.

નિર્વૃત્તિસાધની ગુણ = આઠમું - નવમું પદ.

'મન્યતે જ્ઞાયતે આત્માદેશોऽનેન સ મન્ત્રઃ ।' અર્થાત્: જેના દ્વારા નિજત્વનો અનુભવ થાય, તે મંત્ર છે.

## નવકારમાં ત્રણ કરણ

યથાપ્રવૃત્તિકરણ = પ્રથમ પાંચ પદ.

અપૂર્વકરણ = છઠ્ઠું - સાતમું પદ.

અનિવૃત્તિકરણ = આઠમું - નવમું પદ.

આ નમસ્કાર મંત્ર દ્વારા સાધનાની ગમે તે વ્યક્તિ ક્યાંથી શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયમાં લય એ આત્મજ ઉલ્લાસથી જ શાન્ત બની રહે છે.

## નવકાર મહામંત્ર એ...

દ્રવ્ય તથા ભાવ - બંને પ્રકારની આપત્તિઓ ભગાવે છે.

અન્ય મંત્ર દ્રવ્યઆપત્તિ ટાળે, તો પણ ભાવઆપત્તિ વધારે છે. 'ભાવઆપત્તિ' એટલે મોહવિષનું વધવું તે. મોહના નાશથી જ મહાન થવાય છે, લોભના નાશથી જ સાચો લાભ થાય છે, માનના નાશથી માન મળે છે, માયાના નાશથી માયા-પ્રેમ-સ્નેહ-સદ્ભાવ મળે છે. નમસ્કાર મંત્ર ક્રોધ, લોભ, મોહ, માન, માયાદિ પાપોનો ધ્વંસ કરે છે. 'સુખ' એ કોઈ વસ્તુનું નામ નથી પણ મનની એક નિશ્ચિત અવસ્થાનું નામ છે, જે સમભાવવાળી અવસ્થા છે. નમસ્કારમંત્ર વડે તે અવસ્થા આવિર્ભાવ પામે છે, કેમકે નમસ્કાર મંત્રમાં સમભાવ પ્રાપ્ત પુરુષોને નમન છે. બુદ્ધિના બળ કરતાં ય ભાવનાનું બળ વધારે છે. બુદ્ધિને ખીલવવા જેમ અક્ષરજ્ઞાન અને તેનાં સાધનોની જરૂર છે, તેમ ભાવનાબળને વિકસાવવા માટે નમસ્કાર અને તેનાં સાધનોની આવશ્યકતા છે.

નમસ્કારભાવને વિકસાવવાનાં સાધનો

દેવમંદિર, ધર્મસ્થાન, તીર્થસ્થાન, સંઘ - સાધર્મિક મિલન -
ભક્તિ - વાત્સલ્ય, મૈત્રી - કરૂણાદિ છે અને
તે માટે જ સત્રશાળા, દાનશાળા, ગૌશાળાદિ સ્થાનો છે.
પોતાના દુઃખ વિષે જાગૃત રહેવું, તે બુદ્ધિનું ફળ છે,
બીજાના દુઃખ વિષે જાગૃત રહેવું, તે ભાવનાનું પરિણામ છે.
દ્રવ્યથી ક્રિયા વડે - ભાવથી ભાવના વડે આદર અપાય છે.

'જીવમાત્રને આદરપદની પ્રાપ્તિ થાઓ'

એ ભાવના ભાવથી આદરદાન છે. જીવોને દ્રવ્ય - ભાવ
ઉભયથી આદરનું દાન એ સૌથી શ્રેષ્ઠ ધર્મ છે.

સાવદ્યનો ત્યાગ - એ કષાયયુક્તતાનો ત્યાગ છે.

'અપ્પાણં વોસિરામિ ।'

એ પદથી કષાયાત્માનો ત્યાગ કરવાનો છે.

'નમવું' એટલે ખમવું, દમવું અને શમવું.

ખમવું એ મૈત્રીરૂપ છે, દમવું પ્રમોદ અને કારુણ્યરૂપ છે
અને શમવું એ માધ્યસ્થ્યરૂપ છે.

## પરમેષ્ઠિ નમસ્કાર શા માટે આવશ્યક ?

જેને જે ગુણ પામવો હોય, તેણે તે ગુણ પામેલાને નમવું જોઈએ, આદર - બહુમાન - ભક્તિ બતાવવા જોઈએ. તેમ કરવાથી તે ગુણ પામવાની પાત્રતા વધે છે, તે ગુણ પામેલાનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે. જેના અંતઃકરણમાં ગુણ પામેલા પ્રત્યે આદર - બહુમાન નથી, તેને તે ગુણ પામવા માટે સાચી ઉત્કંઠા નથી કે ઉત્કંઠા છે તો પણ તેના ઉપાયનું ભાન નથી. ગુણ પામેલાને નમવાથી ગુણ પામવાની ઇચ્છા

ન હોય તો જન્મે છે, જન્મી હોય તો ટકે છે,

વધે છે અને તેના પ્રકર્ષ પર્યન્ત પહોંચાડે છે.

તે કારણે મુમુક્ષુઓને માટે પરમેષ્ઠિ નમસ્કાર એ

સર્વ સાધનાની આદિમાં આવશ્યક છે.

'લઘુતામાં પ્રભુતા વસે છે' એ વાક્ય

દીર્ઘ અનુભવથી નક્કી થયેલું છે. લઘુતાને ટકાવી રાખવા માટે દીનપણાની આવશ્યકતા છે અને દીનપણાને

દૃઢ કરવાને માટે લઘુતાની આવશ્યકતા છે.

## એ માટે નવકાર મંત્ર

## પ્રેક્ટિકલ અને નિત્ય પઠનીય છે.

નવકાર મંત્રનો નિયમિત નિત્ય ૧૦૮ વાર પાઠ નમ્રતા આપે છે, વિનય અને વિવેક વિકસાવે છે. સાધના અને ઉપાસના માટે આવશ્યક બળને સમર્પે છે. એ અસર અદ્‌ભુત મનોબળ કેળવાય છે. ઇંદ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જરૂરી મનોબળ અને ભાવનાબળ વિકસે છે. જાણપૂર્વક કે અજાણપૂર્વક થતાં અને થયેલા પાપોની ક્ષમાપના પણ આડકતરી રીતે આ નમસ્કારમાં આવી જાય છે. નમસ્કાર વિનાનું ધર્મવિધાન જૈનશાસનમાં માન્ય કરવામાં આવેલ નથી. ધર્મનું કારણ નમસ્કારભાવ છે, તેમ ધર્મનું કાર્ય પણ નમસ્કારભાવ જ છે. ધર્મના મૂળમાં અને ફળમાં નમસ્કાર રહેલો છે. નમસ્કારભાવ પ્રમોદ ભાવને સૂચવે છે અને પ્રમોદ ભાવ એ કરુણાદિ ગુણોનું બહુમાન કરે છે, તેથી કરુણા, મૈત્રી, પ્રમોદ અને માધ્યસ્થ - એ ચાર ભાવ ધર્માત્મામાં વ્યાપક છે.

## નવકારના ૯ પદની વિભાવના

નવકારના પહેલાં પાંચ પદ યોગાવંચક સ્વરૂપ,
છઠ્ઠું પદ ક્રિયાવંચક સ્વરૂપ અને
૭-૮-૯માં પદો ફલાવંચક સ્વરૂપ છે.
૭મું પદ નિર્મલતારૂપી ફલને આપે છે,
૮મું પદ સ્થિરતારૂપી ફલને આપે છે અને
૯મું પદ તન્મયતારૂપી ફલને આપે છે.
નવકારનું અનંતર ફલ નિર્મલતા, સ્થિરતા, તન્મયતા
અને પરંપર ફલ સ્વર્ગાપવર્ગ છે.
નમો = નિર્મલતા (દર્શન) રૂચિ.
અરિહં = સ્થિરતા (જ્ઞાન) બોધ.
તાણં = તન્મયતા (ચારિત્ર) પરિણતિ.
નમો વડે મલદોષનો નાશ, અરિહં વડે વિક્ષેપદોષનો
તથા તાણં વડે આવરણદોષનો નાશ થાય છે.
નિર્મલતાનું આલંબન 'નમો' પદ, સ્થિરતાનું આલંબન
'અરિહં' પદ તથા તન્મયતાનું આલંબન 'તાણં' પદ છે.

ભાદરવા વદ ૬, રવિવાર

ચિંતનપૂર્વકનો ૧૭૨૦૦૦ સ્વાધ્યાય = ૧૭૨૦ નવકારવાળી.

૫૦ | ૧૭૨૦ | ૩૪॥
૧૫૦
૨૨૦
૨૦૦
૨૦

સાડા ચોત્રીસ દિવસ સુધી રોજ ૫૦ બાધાપારાની માળા ગણવાથી કુલ ૧૭૨૦ નવકારવાળી પૂર્ણ થઈ શકે છે.

આસો મહીનાનો સ્વાધ્યાય આલોચનામાં વાળી શકાય.

નમો = નમ્રતા - ધ્યાતા, અરિહં = નિર્ભયતા - ધ્યેય,

તાણં = નિશ્ચિંતતા - ધ્યાન.

ત્રણેની એકતા = સમાપત્તિ, આપત્તિ, સંપત્તિ.

'નમો' એ સત્તા અને સંપત્તિનું સમર્પણ છે.

'નમો'ના આશ્રય વિના મલિનતા વધે છે,

'અરિહં'ના આલંબન વિના અસ્થિરતા વધે છે તથા

'તાણં'ના આલંબન વિના આવરણોની વૃદ્ધિ થાય છે.

જીવભાવને આત્મભાવમાં સમર્પિત કરી દેવો,

તે સાચો નમસ્કારભાવ છે.

નમો = જીવભાવ, અરિહંતાણં = આત્મભાવમાં સંપ્રદાન.

જડભાવનો આત્મભાવમાં વિલય થવાથી
પાપમાત્રનો નાશ અને મંગળમાત્રનું ઉત્પાદન થાય છે.
આત્મભાવ = મંગળભાવ, અંતરાત્મભાવ.
જડભાવ = પાપભાવ, બહિરાત્મભાવ અથવા
અંતઃકરણ ચતુષ્ટય - મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર.
તેનું આત્મભાવમાં વિલોપન તે નમસ્કાર ભાવ છે.
અંતઃકરણાવચ્છિન્ન ચૈતન્યને આત્મભાવરૂપી મહાચૈતન્યમાં
વિલીનકરણ કરવું, તે નમસ્કાર - તાત્ત્વિક નમસ્કાર છે.
આ નવકારમંત્રમાં પોતે જે કરે છે અથવા નહિ કરતો,
તે બધા શુભ ક્રિયાઓનો તાત્ત્વિક પક્ષપાત છે.
તાત્ત્વિક પક્ષપાત એ સૂર્યના સ્થાને છે,
તે વિનાની ક્રિયા તે ખજવાના સ્થાને છે.
તાત્ત્વિક પક્ષપાત એ હૃદયમંદિરમાં ઝળહળતો પ્રકાશ છે.
પક્ષપાતશૂન્યક્રિયા કોડિયું તેલ અને વિનાશી પ્રકાશ છે.
ક્રિયા વિનાનું જ્ઞાન અને જ્ઞાન વિનાની ક્રિયા -
આ બેનું અંતર સૂર્ય અને ખજુઆ જેવું છે.

## નમસ્કારના ચાર પ્રકાર

નમન કરવાથી જેને નમન કરાય છે, તેનું ધ્યાન આદર-
પૂર્વક થાય છે તથા તે દ્વારા તેમની સમાન બનાય છે.
એ કારણે સદ્‌ગુરુ અને
પવિત્ર આત્માઓને નિરન્તર નમન કરવું જ જોઈએ.

### (1) દ્રવ્યનમસ્કાર

વચનથી સ્તુતિ દ્વારા અને કાયાથી નમન થાય,
તે દ્રવ્યનમસ્કાર છે. મનની એકાગ્રતા વિના પણ
જ્યારે વચન અને કાયાથી નમન થાય છે,
ત્યારે વચન ઉપરાંત કાયાથી લાગતું પાપ
રોકાય છે અને તેટલું પુણ્ય થાય છે.

### (2) ભાવનમસ્કાર

જેને નમવામાં આવે છે, તેમનામાં પ્રકટ રહેલા ગુણો
અપ્રકટપણે પોતામાં રહેલા છે, તેને પ્રકટાવવાના હેતુથી
નમન કરવામાં આવે, ત્યારે તે નિર્જરાનો હેતુ બને છે.
'વન્દે તદ્‌ગુણલબ્ધયે ।'

## (3) વ્યવહાર નમસ્કાર

મનની એકાગ્રતાપૂર્વક જ્ઞાન-ચારિત્રાદિ ગુણોની વચનથી સ્તુતિ અને કાયાથી નમસ્કાર કરવામાં આવે છે, ત્યારે ઘણું પુણ્યની પ્રાપ્તિ અને શુદ્ધ ઉપયોગ પ્રગટે છે.

રાગ-દ્વેષરહિત પરિણામ જેટલા પ્રમાણમાં થાય,
તેટલા પ્રમાણમાં કર્મની નિર્જરા થાય છે.

## (4) નિશ્ચય નમસ્કાર

રાગ-દ્વેષરહિતપણે અને પ્રભુ સમાન પોતાનું સ્વરૂપ સમજીને જો આત્માના ધ્યાનમાં મગ્ન બનાય છે, તો
સ્વયં પ્રભુપદની પ્રાપ્તિ થાય છે.

સર્વ અરિહંતો એ ધર્મના આદ્ય ઉપદેશકો છે, કારણ કે તેમણે ઘાતીકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન મેળવ્યું છે, તેમાં સૌથી પ્રથમ કાર્ય ધર્મતીર્થ સ્થાપવાનું કર્યું છે. 'ધર્મતીર્થ' એટલે સંસારસાગર તરવા માટેનો માર્ગ.
તે માર્ગ અરિહંત પરમાત્માએ દર્શાવ્યો છે.
ધર્મદેશના દ્વારા માર્ગદેશક હોવાથી તેઓ ઉપકારક છે.

## મન, મંત્ર અને પ્રભુ સાથે જાપ

મન, મંત્ર, પ્રભુ સાથે નવપદની આરાધના હૃદયમાં કરવાથી અસીમ આનંદ અને રોમાંચ અનુભવાય છે, તેથી પ્રકાશનો અનુભવ અને વાયબ્રેશનની ઘણી વૃદ્ધિ થાય છે. 'આત્મા - પરમાત્મામાં કોઈ ભેદ નથી અને સર્વ જીવ આત્મસ્વરૂપ છે' એ અનુભવ કર્મનો ભુક્કો કરી દે છે, આત્માને અનહદ આનંદનો અનુભવ થાય છે, મહાન પુણ્યના ઉદયથી પાંચ સમવાય અને સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. મન, મંત્ર અને પ્રભુ સાથે જાપ કરવામાં ૪૫ મિનિટ સમય લાગે છે. રોજ ૪ માળામાં ૩ કલાક લાગે છે. નવપદજી અને પંચ પરમેષ્ઠિમાં જ્યારે આત્મસ્વરૂપ દેખાવા લાગે, ત્યારે મંત્રસિદ્ધિ થઈ ગણાય છે. પરમેષ્ઠિ સ્મરણમાં આત્મસ્વરૂપનું સ્મરણ અનુભવાય, ત્યારે દેહાધ્યાસ છૂટી જાય છે તથા તેના સ્થાને આત્માધ્યાસનો અભ્યાસ પાડવા માટે પંચ પરમેષ્ઠિ ભગવંતોનું નિરંતર સ્મરણ આવશ્યક છે.

પાંચ પરમેષ્ઠિ, નવપદ અને વીશ સ્થાનકમાં
પરોવાયેલો લોક છે, આત્મસ્વરૂપથી અભેદ છે.

અરિહંત, સિદ્ધ આદિ આત્માની જ ભિન્ન ભિન્ન અવસ્થાઓનાં નામ છે. આત્મા નિશ્ચયથી નામ-રૂપ રહિત છે, છતાં તેનો વ્યવહાર કરવા માટે નામ-રૂપ આગત્યનાં છે. 'અરિહંતાદિ નામ અને તેમના રૂપ એ આત્માનાં જ નામ અને રૂપ છે' એવી પ્રતીતિ જ્યારે દૃઢ થતી જાય, ત્યારે મતિનો આપોઆપ વિલય થાય અને રાગ-દ્વેષરહિત વીતરાગસ્વરૂપની અનુભૂતિ થવા લાગે છે. અરિહંતાદિમાં આત્માના સ્વરૂપને જ જોતાં શીખવું,
એ આગળ વધવાનો માર્ગ છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં

૯ પદ, ૮ સંપદા, ૬૮ વર્ણોમાં ૬૧ લઘુ તથા ૭ ગુરુ છે. પંચમંગલ મહાશ્રુતસ્કંધ, પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્ર,
નમસ્કાર મહામંત્ર અને શ્રી નવકાર મંત્ર
એ અનુક્રમે નવકારનાં જ નામાભિધાન છે.

## કરુણાનો સાર નવકાર છે.

જ્ઞાનાદિ ત્રણ, દાનાદિ ચાર, પંચાચાર કે ક્રિયા વગેરે
દશ ધર્મનો સાર કરુણા છે.
કરુણામાં જીવાદિ તત્ત્વોના સંબંધનો સ્વીકાર છે.
કરુણાવંત પંચ પરમેષ્ઠિ ભગવંતો
આપણા પરમ કલ્યાણમિત્રના સ્થાને છે.

નમસ્કાર એ મહાશ્રુતસ્કંધ એ કારણે છે કે તે વિશ્વવર્તી સર્વ શ્રેષ્ઠ આત્માઓ સાથે ઉચિત સંબંધ કરાવી, સર્વ આસ્રવોના નિરોધ - સર્વ સંવરની પ્રાપ્તિ કરાવે છે. સર્વ પાપનું અકરણ, સર્વ કુશળોનું સંપાદન અને સ્વચિત્તનું દમન - એ ત્રણે કાર્યો આત્મસાધનનાં સહકારી બની સર્વ સંવર સુધી પહોંચાડે છે.

## નવકાર દ્વારા 'દશમે દ્વારે તાળી વાગી' એટલે શું ?

સુષુમ્ણામાર્ગે ઊંચે ચડતી શક્તિ ત્રિકુટિને ભેદી જ્યારે
બ્રહ્મરન્ધ્ર દ્વારા સહસ્રારમાં જાય છે,
ત્યારે એને સંતો 'દશમે દ્વારે તાળી વાગી' એમ કહે છે.

આસો વદી ૧૧, તા. ૧૦ ૧૧/૧૨

'તિત્થયરા મે પસીયન્તુ ।'

અર્થ: હે તીર્થંકર ! મારી ઉપર પ્રસન્ન થાઓ !

નમસ્કાર મહામંત્રથી વિષયોનું ઓવરઉતાર થાય છે.

અરિહંતપદમાં = માર્ગદર્શકતા, સિદ્ધમાં = અષ્ટકર્મનો છેદ,

આચાર્યપદમાં = પંચાચારપાલનમાં રક્તતા,

ઉપાધ્યાયપદમાં = જ્ઞાન - ધ્યાનમાં લીનતા,

સાધુપદમાં = આશ્રવનો ત્યાગ તથા સંવરનો સ્વીકાર છે.

નમસ્કાર વડે ગુણપુરુષો સાથેનો સંપર્ક આપણામાં ગુણોના બીજને રોપે છે. 'નમો' એ તાર છે, જે અનંતગુણ પરમેષ્ઠિભગવંતો સાથે સૌને જોડે છે. તે તાર દ્વારા પાવરહાઉસમાંથી વિદ્યુતશક્તિ આવે છે.

નમો = દુષ્કૃતગર્હા - પ્રતિક્રમણ, શાંતિ - સ્નાન.

નમો = સુકૃતાનુમોદના - કાયોત્સર્ગ, તુષ્ટિ - પાન.

નમો = શરણાગમન - પચ્ચક્ખાણ, પુષ્ટિ - ભોજન.


આમ 'નમો' પદ વડે ત્રણે ગુણોનું ગ્રહણ થાય છે.

# નવકાર પદ

તારો ભરોસો મને ભારી મહામંત્ર ભલા,
તારો ભરોસો મને ભારી...!
મારો આતમ છે તુજને આભારી. મહામંત્ર ભલા તારો...
અડસઠ અક્ષર તારા સત્પદે ભરેલા,
અવિચલ અક્ષરો મેં તો હૈયે ધરેલા,
આઠ સંપદાની રચના છે ન્યારી. મહામંત્ર ભલા તારો...
જગની જંજાળો જ્યારે મનને મૂંઝવતી,
પાપોનાં વાદળાંઓ દુઃખડાં વરસાવતી,
ત્યારે આશ ધરૂં છું એક તારી. મહામંત્ર ભલા તારો...
રાત અને દિન તારા જપું જપમાળા,
મળશે જરૂર મને તારાં રખવાળાં,
મારા અંતરને દેજે અજવાળી. મહામંત્ર ભલા તારો...
સંસારી સુખ તણી નહિ મને ઝંખના,
કેવલ મોક્ષ તણી એક જ આકાંખના,
લેજે તું ભક્તને ઉગારી. મહામંત્ર ભલા તારો...

# નવકારમંત્ર પદ

મહામંત્ર છે મહીમો જગમાં,
એક જ શ્રી નવકાર રે...
ધૂન લગાવો સાથે મળી સૌ,
એ છે તારણહાર રે ...(૧)
નમો અરિહંતાણં જપતાં, તરીએ સાગર પાર રે ...(૨)
નમસ્કાર હોજો સિદ્ધોને, કોટિ કોટિ વાર રે ...(૩)
તે આચાર્ય ભગવંતોને હું, વંદુ વારંવાર રે ...(૪)
ઉપાધ્યાય ઉપદેશ કરીને, કરે સૌનો ઉદ્ધાર રે ...(૫)
સાધુની સેવા કરવાને, થાજો સૌ તૈયાર રે ...(૬)
એ પાંચેની ભક્તિ કરીને, સફળ કરો અવતાર રે...(૭)
શ્રી નવકારમાં અનેક ગુણો છે, જપતાં ના'વે પાર રે...(૮)
એમાં ચૂલિકાને સમાવી, ચૌદ પૂરવનો સાર રે ...(૯)
ધન્ય ધન્ય અવતાર જેનો, સમરે શ્રી નવકાર રે...(૧૦)
મહામંત્રને સદા ય સમરી, મળી સહુ નરનાર રે...(૧૧)
જેના પ્રભાવે જૈન શાસનમાં, વર્તે જયજયકાર રે...(૧૨)



નવકાર = કૃતજ્ઞતા. જગતમાં એના જેવો ટોચનો બીજો ગુણ જ ક્યો છે?
કૃતજ્ઞતા ગુણ એ સર્વ ગુણોનો પ્રાણ છે.
પંચ પરમેષ્ઠીનું શરણ આપણામાં કૃતજ્ઞતા ગુણ ખીલવે છે.




એક વાર 'નવકાર'ની નાવમાં બેઠાં કે ભવસાગર પાર થયો જ સમજવો!
પછી જરૂર રહે માત્ર એકાગ્રતા અને શ્રદ્ધાની.
એ બંને સાથેના અજપાજાપથી જ્યોતિર્બ્રહ્મ અચૂક પ્રાપ્ત થાય છે!

www.fiestadesigns.in